Friday 02, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૨૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

MY CITY PRIDE






## શહેર આપણું છે,

## તો સ્વચ્છતાની જવાબદારી પણ આપણી છે

હવે તો કાયદો પણ કહે છે, સફાઈ આપણા સહુની જવાબદારી.

મહાનગરપાલિકા/નગરપાલિકા વિસ્તારમાં કચરો જોવા મળે તો ફોટો લઈએ , લોકેશન મોકલીએ અને વોટ્સએપ ચેટબોટ પર જાણ કરીએ




**ફોટો મોકલો**
ગંદકી હોય તે સ્થળનો ફોટો મોકલો

**લોકેશન શેર કરો**
સ્થળનું લોકેશન મોકલો

**ફરિયાદ નોંધાવો**
તમારી ફરિયાદ તાત્કાલિક નોંધાશે

**સ્વચ્છતા નિશ્ચિત**
તાત્કાલિક સફાઈ કાર્યવાહી શરૂ થશે

વોટ્સએપ પર અમને **Hi મેસેજ** કરો અને વિગત ભરો (ફોટો + લોકેશન + વર્ણન)

QR કોડ સ્કેન કરો અને ચેટબોટ સાથે જોડાઓ

## સંપર્ક માટે: 76228 80000

"આપણે નક્કી કરવું જોઈએ - કચરો નહીં ફેલાવીએ. ઘર હોય, બહાર હોય કે આસપાસનો વિસ્તાર, સ્વચ્છતા સાથે ક્યારેય સમાધાન નહીં કરીએ."
**- નરેન્દ્રભાઈ મોદી,** વડાપ્રધાન

"સ્વચ્છતા આપણી જીવનશૈલી બનવી જોઈએ. નાનાં ગામડાંઓથી લઈને મોટાં શહેરો સુધી, 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નો મંત્ર ચોમેર ગૂંજવો જોઈએ."
**- ભૂપેન્દ્રભાઈ પટેલ,** મુખ્યમંત્રી, ગુજરાત

"પોતાના શહેરને સ્વચ્છ રાખવામાં પાલિકાના પ્રયાસોમાં સહભાગી થવું એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે."
**- હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**મારો કચરો, મારી જવાબદારી** | સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત /sbmugujarat /sbmugujarat /swachhgujarat www.sbmu-gujarat.in

## વાપી જીઆઈડીસી પોલીસ કર્મીઓને સીપીઆરની તાલીમ અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** વિશ્વ હૃદય દિવસ નિમિત્તે, આચાર્ય ડૉ. દિનેશ સેલ્વમ એસ.ના માર્ગદર્શન હેઠળ, સાન્દ્રા શ્રોફ એડવાન્સ્ડ સિમ્યુલેશન એન્ડ સ્કિલ્સ સેન્ટર દ્વારા વાપીના GIDC પોલીસ સ્ટેશન ખાતે પોલીસ કર્મચારીઓ માટે CPR જાગૃતિ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાલીમનું સંચાલન લેબ ઈન્ચાર્જ સ્વાતિ મિસ્ત્રી અને સિમ્યુલેશન ટ્રેનર અશ્વિની પોધે દ્વારા કરવામાં આવ્યું હતું. આ સત્ર કાર્ડિયાક અરેસ્ટ, તાત્કાલિક પ્રતિભાવનું મહત્વ અને CPRના મૂળભૂત પગલાં વિશે જાગૃતિ લાવવા પર કેન્દ્રિત હતું. સહભાગીઓને પ્રેક્ટિકલ પ્રદર્શનો અને છાતીના સંકોચન અને કટોકટી પ્રતિભાવમાં વ્યવહારુ તાલીમ પણ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં સંભવિત પ્રથમ પ્રતિભાવ આપનારા તરીકે પોલીસ કર્મચારીઓની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, કારણ કે તેઓ ઘણીવાર કટોકટીની પરિસ્થિતિમાં પહોંચનારા પ્રથમ લોકોમાંના એક હોઈ શકે છે. કાર્ડિયાક અરેસ્ટની સમયસર ઓળખ અને CPRની વહેલી શરૂઆત જીવન બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

સાન્દ્રા શ્રોફ એડવાન્સ્ડ સિમ્યુલેશન એન્ડ સ્કિલ્સ સેન્ટરે આ કાર્યક્રમને સુવ્યવસ્થિત કરવામાં તેમના મૂલ્યવાન સમર્થન અને સહકાર બદલ વાપીના જીઆઈડીસી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.પી. ગોહિલનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. આ પહેલનો ઉદ્દેશ્ય સમુદાય જાગૃતિને મજબૂત બનાવવા અને ફ્રન્ટલાઈન કર્મચારીઓમાં જીવન બચાવ કૌશલ્યને પ્રોત્સાહન આપવાનો હતો.

## નાંદરખા ગામે દીપડો પાંજરે પુરાયો : ફોરેસ્ટરને પંજો માર્યો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૧ :** ગણદેવી તાલુકાના નાંદરખા ગામના વચલા ફળિયામાં છેલ્લા કેટલાક સમયથી દીપડાની અવરજવરથી ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો હતો. ગ્રામજનોની રજૂઆત બાદ વન વિભાગ દ્વારા શનિવારે પાંજરુ ગોઠવાયું હતું. જેમાં ગુરુવારે વહેલી સવારે આશરે ત્રણ વર્ષનો કદાવર દીપડો પાંજરે પુરાઈ ગયો હતો. જોકે, દીપડો પાંજરે પુરાયા બાદ પાંજરાની બહાર એક દીપડી પણ નજરે પડતાં ગ્રામજનોમાં વધુ ફફડાટ ફેલાયો હતો.

દરમ્યાન ગુરુવારે વહેલી સવારે પાંજરામાંથી દીપડાની દહાડ સંભળાતા આસપાસના લોકોએ ટોર્ચનાં પ્રકાશમાં જોતા પાંજરાની બહાર એક દીપડી પણ જોવા મળતાં તાત્કાલિક વન વિભાગને



જાણ કરવામાં આવી હતી. સૂર્યોદય બાદ અજવાળું થતાં દીપડી ત્યાંથી નાસી ગઈ હતી. અને લોકટોળા એકત્ર થયા હતાં. પાંજરામાં કેદ દીપડાને સુરક્ષિત રીતે સ્થળાંતર કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. દરમિયાન પાંજરાના એક ટાયરમાં પંચર હોવાનું જણાતાં પાંજરાને ટ્રેક્ટરમાં ચઢાવી



લઈ જવાની ફરજ પડી હતી. પાંજરું ટ્રેક્ટરમાં ચઢાવતી વખતે અંદર કેદ દીપડાએ અચાનક પંજો મારતાં રાઉન્ડ ફોરેસ્ટર કિશોરભાઈ પટેલના ડાબા હાથમાં ન્હોર વાગ્યા હતાં. ઈજાને કારણે તેમના હાથમાંથી લોહી નીકળતાં તેમને સારવાર લેવાની ફરજ પડી હતી.

## અંબિકા નદીના પટ્ટમાંથી રેતી ખનન કરતા રૂા.૨.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૧ :** બીલીમોરા શહેરમાંથી પસાર થતી અંબિકા નદીના પટમાં બિનઅધિકૃત રેતી ખનન, વહન અને સંગ્રહ સામે ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ડ્રોન સર્વેલન્સના આધારે તપાસ દરમિયાન બે યાંત્રિક બાજ અને ૧૧ ટ્રક સહિત કુલ રૂા.૨.૨૫ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બીલીમોરા શહેરની સ્મશાનભૂમિ પાછળના અંબિકા નદી પટ વિસ્તારમાં સાદી રેતી ખનિજના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહની પ્રવૃત્તિ અંગે ડ્રોન મારફતે સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યો હતો. સર્વેલન્સ દરમિયાન શંકાસ્પદ પ્રવૃત્તિ જણાતા ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ વિભાગની ટીમે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન રેતી ખનિજના ખનન અને વહન માટે ઉપયોગમાં લેવાતા બે યાંત્રિક બાજ તેમજ ૧૧ ટ્રક મળી આવ્યા હતાં. વિભાગ દ્વારા તમામ યંત્રો અને વાહનોને કબજે લઈ કુલ રૂા. ૨.૨૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. કબજે કરાયેલા વાહનો અને યંત્રોને હાલ ધોલાઈ મરીન પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી બિનઅધિકૃત રેતી ખનન સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો. ખનિજ વિભાગ દ્વારા સમગ્ર મામલે નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

## વાપી બાર એસો. ૩ ઓક્ટો. સુધી કામથી અળગું રહેશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૧ :** ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ના વિરોધમાં વાપી બાર એસોસિએશન દ્વારા તા.૩૦ સપ્ટેમ્બરથી તા.૩ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી કોર્ટની કામગીરીથી અળગા રહેવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો છે. વાપી બાર એસોસિએશનના પ્રમુખ સતિષભાઈ પટેલની આગેવાની હેઠળ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ અંગે વાપીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજ, ફેમિલી કોર્ટના પ્રિન્સિપાલ સિવિલ સિનિયર જજ તથા એડિશનલ સિનિયર સિવિલ જજ સહિતના ન્યાયિક અધિકારીઓને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વાપી બાર એસોસિએશનના સભ્યોની તાકીદની અસાધારણ સભા પણ યોજાઈ હતી. સભામાં ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ અંગે ચર્ચા કરી જણાવાયું હતું કે, નવા કાયદાને કારણે રાજ્યના



નાગરિકો તેમજ વકીલોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આથી કાયદામાં જરૂરી સુધારા-વધારા કરવાની માંગ સાથે રાજ્યવ્યાપી વિરોધને વાપી બાર એસોસિએશને સમર્થન જાહેર કર્યું છે. વલસાડ જિલ્લાના તથા તાલુકા કક્ષાના અન્ય બાર એસોસિએશનો દ્વારા આ કાયદાના વિરોધમાં કોઈપણ લડતનું આહ્વાન કરવામાં આવે તો વાપી બાર એસોસિએશન દ્વારા સંપૂર્ણ સાથ અને સહકાર આપવાનો નિર્ણય પણ કરવામાં આવ્યો છે.

બાર એસોસિએશને કોર્ટને વિનંતી કરી છે કે, વકીલો અને પક્ષકારોની ગેરહાજરી દરમિયાન કોઈ કાર્યવાહી એકતરફી રીતે હાથ ધરવામાં ન આવે તેમજ ગેરહાજરી બદલ વોરંટ કે નોટિસ જારી ન કરવામાં આવે. કેસમાં પક્ષકારો અથવા વકીલોને કોઈ નુકસાન ન થાય તે માટે સંબંધિત કાર્યવાહી જે તે તબક્કે જ રાખવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.

## વાપી હાઈવે પર સફાઈ અભિયાન, ૪૫૦ મીટર સર્વિસ રોડની સફાઈ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૩૦ :** ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, વાપી પ્રાદેશિક કાર્યાલયના માર્ગદર્શન હેઠળ હ્યુબરગ્રુપ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ દ્વારા 'મિશન NH-48 પર સફાઈ પ્રવૃત્તિ' અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાનમાં શ્રમયોગીઓ અને સુપરવાઈઝર સહિત કુલ ૩૦ સભ્યોની ટીમ જોડાઈ હતી. ટીમને અમદાવાદ તરફ જતા NH-48ના સર્વિસ રોડ પર ફાળવવામાં આવેલા વિસ્તારમાં સફાઈ કામગીરી માટે તૈનાત કરવામાં આવી હતી.

જરૂરી સફાઈ સાધનો અને સલામતીના સાધનોથી સજ્જ ટીમે સર્વિસ રોડની બંને બાજુના આશરે ૪૫૦ મીટર વિસ્તારમાં વ્યાપક સફાઈ હાથ ધરી હતી. દરમિયાન રસ્તા પર એકઠો થયેલો કચરો અને અનિચ્છનીય સામગ્રી વ્યવસ્થિત રીતે એકત્ર કરી ટ્રેક્ટરમાં ભરવામાં આવી હતી અને યોગ્ય નિકાલ માટે સ્થળ પરથી દૂર કરવામાં આવી હતી. સફાઈ કામગીરી પૂર્ણ થયા બાદ સમગ્ર વિસ્તાર સ્વચ્છ અને વ્યવસ્થિત બન્યો હતો. જેના પરિણામે રસ્તાના વપરાશકર્તાઓ તેમજ સ્થાનિક લોકો માટે વધુ સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણ ઊભું થયું હતું. જી પી સી બી ના મુખ્ય અધિકારી એ જી પટેલ ડેપ્યુટી એન્જિનિયર ઈન્દ્રવદન પટેલઅને કર્મચારીઓ દ્વારા હ્યુબરગ્રુપની ટીમના પ્રયાસોની પ્રશંસા કરવામાં આવી હતી. અધિકારીઓએ અભિયાન દરમિયાન ટીમ દ્વારા દર્શાવવામાં આવેલી શિસ્ત, વ્યાવસાયિક અભિગમ અને સમર્પણને બિરદાવ્યું હતું. આ સમગ્ર પહેલ દ્વારા પર્યાવરણની જાળવણી, સ્વચ્છતા અને સામાજિક જવાબદારી પ્રત્યેની સંસ્થાની પ્રતિબદ્ધતા પણ ઉજાગર થઈ હતી.

## આજથી વલસાડ-સુરત ટ્રેન સેવા શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વલસાડ અને સુરત વચ્ચેની નવી ટ્રેન સેવા આજથી શરૂ થવા જઈ રહી છે. આ ટ્રેનને કેન્દ્રીય જલ શક્તિ મંત્રી અને નવસારીના સાંસદ સી.આર. પાટીલ દ્વારા સુરત રેલવે સ્ટેશનથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવવામાં આવશે.આ નિમિત્તે પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા વલસાડ રેલવે સ્ટેશન ખાતે સવારે ૯ વાગ્યે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન વલસાડથી ટ્રેન સેવા શરૂ થવાના પ્રસંગે રેલવે અધિકારીઓ તથા આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે. વલસાડ-સુરત વચ્ચે શરૂ થતી આ નવી ટ્રેન સેવા બંને શહેરો વચ્ચે દૈનિક મુસાફરી કરતા મુસાફરો માટે ખૂબ ઉપયોગી બનશે.

## ખારેલ હાઈવેથી ટેમ્પોમાં લઈ જવાતો દારૂ ઝડપાયો

**બીલીમોરા, તા.૦૧ :** નવસારી જિલ્લામાં પ્રોહિબિશનની ગેરકાયદે પ્રવૃત્તિ ડામવા મળેલી સૂચના મુજબ ગણદેવી પોલીસ પેટ્રોલિંગમાં હતી ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, વલસાડ તરફથી બોલેરો ગાડીના ડાલામાં શાકભાજીના ખાલી કેરેટની આડમાં છુપાવીને દારૂનો મોટો જથ્થો નેશનલ હાઈવે-૪૮ થઈ સુરત તરફ લઈ જવાઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ખારેલ ઓવરબ્રિજ નજીક નાકાબંધી ગોઠવી બોલેરો પીક-અપ (GJ-21-Z-1487)ને અટકાવી તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની કુલ ૧,૬૩૨ બોટલો (કિંમત રૂ.૩,૪૬,૮૦૦/-) મળી આવી હતી. પોલીસે વાહન અને મોબાઈલ સહિત કુલ રૂ.૧૦,૫૧,૮૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે પીક-અપ વાન ચલાવતા આરોપી આનંદ ઉમાશંકર પાંડે (રહે.ખાડા માર્કેટ, સ્વામી વિવેકાનંદ ચોક, બિલીમોરા, મૂળ યુ.પી.)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં આ વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર પારુલબેન વિનોદભાઈ વાઘેલા (ગાયકવાડ મિલ ચાલ, બીલીમોરા)તેમજ નંબર પ્લેટ વગરના એક્ટિવા પર આવી દારૂ ભરાવી આપનાર બે અજાણ્યા શખ્સો સામેલ હોવાનું બહાર આવતાં પોલીસે તમામ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૨-૧૦-૨૦૨૬, **વાર :** શુક્રવાર **તિથિ :** ભાદરવો વદ, સાતમ, **સૂર્યોદય :** ૦૬ : ૩૫ **સૂર્યાસ્ત** ૦૬ : ૨૨, **ચંદ્રોદય** - ૧૦:૫૫ **ચંદ્રાસ્ત** - ૧૨:૧૧ **ચંદ્ર રાશિ :** વૃષભ, **નક્ષત્ર** - મૃગશીર્ષ

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજનો દિવસ સારો રહેશે. અટકેલા કામો પૂરા થશે અને જીવનમાં સકારાત્મક બદલાવ આવશે. પારિવારિક જીવનમાં જીવનસાથીનો સહયોગ મળશે.

**વૃષભ (બ, વ, ઉ) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે અને પ્રગતિ માટે નવી તકો મળશે. વેપારમાં અટવાયેલા નાણાં પરત આવી શકે છે.

**મિથુન (ક, ઘ, ચ) :** તમારા અટકેલા સરકારી કામો પૂર્ણ થઈ શકે છે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થશે.

**કર્ક (ડ, હ) :** પોઝિટિવ વિચારોથી તમારા કામ પૂરા થશે. સ્વાસ્થ્યમાં થોડી નબળાઈ રહી શકે છે, તેથી બહારનું ખાવાનું ટાળવું.

**સિંહ (મ, ટ) :** આકસ્મિક ધનલાભ થવાના યોગ છે. માનસિક શાંતિનો અનુભવ કરશો. લાંબા સમયથી અટકેલા કાર્યો આજે ગતિ પકડશે.

**કન્યા (પ, ઠ, ણ) :** વ્યવસાયિક નિર્ણયો લેતી વખતે સાવધાની રાખવી. કોઈ કિંમતી વસ્તુ ખોવાઈ ન જાય તેનું ધ્યાન રાખવું.

**તુલા (ર, ત) :** યાત્રાના યોગ છે, જે ફાયદાકારક સાબિત થશે. મિત્રોનો સાથ મળશે અને અટકેલા કાર્યો પૂરા થશે.

**વૃશ્ચિક (ન, ય) :** કામકાજના પ્રોજેક્ટ્સ સમયસર પૂરા થશે. ઓફિસમાં અધિકારીઓ તમારી મહેનતની કદર કરશે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે.

**મકર (ખ, જ) :** આર્થિક મામલે સાવધાની રાખવી જરૂરી છે. કોઈને ઉધાર આપેલા પૈસા પાછા મેળવવામાં મુશ્કેલી પડી શકે છે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** ભાગીદારીમાં વેપાર કરતા લોકો માટે સારો દિવસ છે. આર્થિક સમસ્યાઓ ઓછી થશે.

**મીન (દ, ચ, થ, ઝ) :** ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે. સંતાન પક્ષ તરફથી કોઈ સારા સમાચાર મળી શકે છે.

### દમણ રેડિયો 102.3 FM

आकाशवाणी

**શુક્રવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે** : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

### સુડોકુ નં.૬૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | 3 | 5 | 6 | 9 | 1 | 4 | |
| 5 | | | | | | | | 6 |
| | | | 2 | | 1 | | | |
| | | 2 | 9 | | 6 | 5 | | |
| | 8 | | | | | | 9 | |
| | | 4 | 1 | | 5 | 7 | | |
| | | | 8 | | 4 | | | |
| 2 | | | | | | | | 9 |
| | 5 | 6 | 7 | 9 | 2 | 3 | 1 | |

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૬૮૬નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 7 | 1 | 5 | 8 | 6 | 9 | 2 | 3 |
| 3 | 5 | 9 | 1 | 2 | 7 | 6 | 4 | 8 |
| 6 | 2 | 8 | 9 | 3 | 4 | 1 | 5 | 7 |
| 9 | 6 | 2 | 3 | 4 | 5 | 8 | 7 | 1 |
| 7 | 4 | 3 | 2 | 1 | 8 | 5 | 9 | 6 |
| 8 | 1 | 5 | 7 | 6 | 9 | 4 | 3 | 2 |
| 1 | 9 | 4 | 6 | 7 | 2 | 3 | 8 | 5 |
| 2 | 8 | 6 | 4 | 5 | 3 | 7 | 1 | 9 |
| 5 | 3 | 7 | 8 | 9 | 1 | 2 | 6 | 4 |

## ઘરને 'ગાંધી મંદિર' બનાવી બાપુના વિચારોને જીવંત રાખતા વલસાડના ગાંધી પ્રેમી ધનસુખભાઈ મિસ્ત્રી

### બંગલામાં પોતાને રહેવા માટે જગ્યા ઓછી રાખી, બાકી જગ્યા ગાંધી મ્યુઝિયમ માટે સમર્પિત કરી દીધી

**ખાસ લેખ: જિજ્ઞેશ સોલંકી**

**વલસાડ, તા. ૧ :** જન-જનમાં દયા, સદભાવ અને બંધુતાની ભાવના ઉજાગર કરનાર અને સમગ્ર દુનિયાને સત્ય, પ્રેમ, કરૂણા અને અહિંસાનો સંદેશ આપનાર વિરાટ મહામાનવ અને દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની આજે તા. ૨જી ઓક્ટોબરના રોજ સમગ્ર દેશ અને વિશ્વભરના ગાંધી પ્રેમીઓ ૧૫૭મી જન્મ જંયતી ઉજવશે. આજના દિવસે લોકો ગાંધીજીના જીવન મૂલ્યોને જાળવી રાખવા અને નવી પેઢીમાં તેના મુલ્યો ઉતરે તે માટે સંકલ્પ લેશે, ત્યારે વલસાડમાં એક એવા ગાંધી પ્રેમીની વાત કરવી છે કે, જેણે પોતાની જિંદગી ગાંધીજી પ્રત્યેના આદર અને પ્રેમ માટે સમર્પિત કરી દીધી. પોતાના ઘરનું નામ પણ ''ગાંધી મંદિર'' આપ્યું. પોતાના રહેવા માટે જગ્યા ઓછી કરી અને આખા બંગલામાં તમે પ્રવેશો તો તમને ચોક્કસ એવી અનુભૂતિ થવા લાગે કે, તમે ગાંધી યુગમાં પ્રવેશ્યા છો.

ગાંધીજીની જન્મ જંયતી પ્રસંગે વલસાડ શહેરના સિટી પેલેસ સામે જવાહર સોસાયટીમાં બંગલા નં. ૧૦/બીમાં રહેતા પ્રખર ગાંધી પ્રેમી ધનસુખભાઈ આર મિસ્ત્રી જણાવે છે કે, અમારા બાપ દાદાના સમયથી અમારો મુખ્ય બિઝનેસ ફર્નિચર બનાવવાનો હતો, જેથી બાળપણથી મને કલા પ્રત્યે લગાવ અને જુની પુરાણી ચીજ વસ્તુઓ ભેગી કરવાનો શોખ હતો. એન્ટિક વસ્તુનું કલેક્શન કરતાં કરતાં થોડીક વસ્તુ મને ગાંધી બાપુની મળી ગઈ, પછી તેમાં લગાવ લાગ્યો. દેશ-વિદેશમાં ગાંધીજીના જેટલા પણ મ્યુઝિયમ હતા તેની બબ્બે-ત્રણ-ત્રણ વાર મુલાકાત કરી. કબાડી બજાર, હટવાડા અને ચોર બજારમાં ગયો, ગાંધી વંશજોને મળ્યો, વડીલોને મળ્યો. ગાંધીજીના જીવન સાથે સંકળાયેલા સંગ્રહને વધુ સમૃદ્ધ બનાવવા દક્ષિણ આફ્રિકા સુધી પણ ગયો હતો. ગયો. આ બધી જગ્યાથી કલેક્શન કરતાં કરતાં ૩૦ વર્ષમાં તો મારી પાસે વિરાટ કલેક્શન થઈ ગયું. જેને રાખવા માટે મારી પાસે જગ્યા ન હતી. છેવટે મારા ઘરમાં રહેવા માટેની જગ્યા ઓછી કરી અને ગાંધી બાપુનું દુર્લભ કહી શકાય તેવુ કલેકશન ગોઠવવા માટે ઘરમાં જ આદર્શ ગાંધી મ્યુઝીમ બનાવ્યું છે જે હવે ''ગાંધી મંદિર'' તરીકે ઓળખાય છે.

તેઓ વધુમાં જણાવે છે કે, ગાંધીજીના વિચારો અને સિધ્ધાંતો નવી પેઢીમાં જન્મે તે માટે શાળા કોલેજના વિદ્યાર્થીઓને અહીં ઘણુ બધુ જાણવાનું અને શીખવાનું મળે છે. ગાંધીજીના જીવન પર પુસ્તકોની તુલનાએ એકવાર ગાંધી મ્યુઝિયમની મુલાકાત લે તો તેમને બાપુ વિશે ઘણી બધી વાતો લાંબા ગાળા સુધી યાદ રહી જાય છે. અહીં ગાંધીજીના જે જે પ્રસંગ છે તેને જુદી જુદી જગ્યાએ સંકલન કરી વ્યવસ્થિત ગોઠવ્યા છે, એટલે અહીં આવતા લોકોના મનમાં ગાંધીજીની વિવિધ પ્રવૃત્તિ તરત મગજમાં બેસી જાય. ધનસુખભાઈ રાજ્ય સરકારને વિનંતી કરતા કહે છે કે, હવે મારી ઉંમર થવા આવી છે ત્યારે મારી એવી ઈચ્છા છે કે, મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ હાલમાં ગાંધીજીના સાબરમતી આશ્રમનું વિસ્તરણ કરી રહ્યા છે તો મારું આ કલેક્શનને તેમાં સમાવી લે તો હું હયાત ન હોવ ત્યારે પણ આખી દુનિયા બાપુના જીવન વિશે સંદેશ મેળવે અને નવી પેઢીના બાળકો પણ ગાંધીજીની રાહ પર ચાલે એવી મારી ઈચ્છા છે.

### કયા કયા મહાનુભાવો અત્યાર સુધીમાં ગાંધી મંદિરની મુલાકાત લઈ ચૂક્યા

ધનસુખભાઈ જણાવે છે કે, અત્યાર સુધીમાં દેશ વિદેશના ગાંધી પ્રેમીઓ અહી આવી ચુક્યા છે અને અહી આવી ગાંધી રંગે રંગાય છે. જાણીતા લોકોમાં, ગાંધી વંશજોમાં તુષાર ગાંધી, નિલમબેન પરીખ, નચીકેત દેસાઈ, ડો.હરીભાઈ દેસાઈ, મહેબુબભાઈ દેસાઈ અને આ સિવાય પદ્મશ્રી ગફુરભાઈ બિલખીયા, શ્રીમદ રાજચંદ્ર આશ્રમના સ્થાપક પૂ. ગુરૂદેવ રાકેશજી, બંધુ ત્રિપુટી, લેખિકા સ્વ. કુંદનીકાબેન કાપડીયા, નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, સાંસદ ધવલભાઈ પટેલ, પૂર્વ કલેકટર ક્ષિપ્રા અગ્રે, વર્તમાન કલેકટર નીતિન સાંગવાન સહિત અનેક હસ્તીએ ગાંધી મંદિરની મુલાકાત લઈ ગાંધી પ્રેમ પ્રત્યે અભિભૂત થયા હતા. આ સિવાય માજી મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણી અને આનંદીબેન પટેલે શુભેચ્છા સંદેશ પણ પાઠવ્યા છે. જ્યારે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની પણ ધનસુખભાઈએ રૂબરૂ મુલાકાત લઈ ચિતાર આપ્યો હતો.


## દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

# સ્થાનિક સમાચારો

• વલસાડ • પારડી • ધરમપુર • કપરાડા • વાપી • ઉમરગામ • દમણ • સેલવાસ

## ચણોદમાં શનિવારે સેવા સેતુ કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૧ :** વાપી મહાનગરપાલિકા દ્વારા તા. ૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ચણોદ પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ દરમિયાન જરૂરિયાતમંદ નાગરિકોને વિવિધ સરકારી સેવાઓનો લાભ એક જ સ્થળેથી મળી રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. આ સેવા સેતુ કાર્યક્રમમાં આધારકાર્ડ તથા રેશનકાર્ડમાં સુધારા-વધારા, આવકનો દાખલો, જાતિનો દાખલો, ડોમિસાઈલ, નોન-ક્રિમિલેયર પ્રમાણપત્ર સહિતના વિવિધ સરકારી દાખલા તેમજ સિનિયર સિટીઝન, દિવ્યાંગતા, વિધવા સહાય અને નિરાધાર વૃદ્ધ સહાય સંબંધિત સેવાઓનો લાભ નાગરિકોને મળી રહેશે.

કાર્યક્રમ દરમિયાન જરૂરિયાતમંદ નાગરિકોને વિવિધ સરકારી સેવાઓનો લાભ એક જ સ્થળેથી મળી રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ લેવા અનુરોધ કરવામાઆવ્યો છે

## દમણ પોલીસની સંપર્ક સભામાં ૧૦૦થી વધુ કર્મચારીઓ જોડાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૧ :** દમણ જિલ્લા પોલીસે પોલીસ કર્મચારીઓ સાથે સીધો સંવાદ સ્થાપિત કરવા માટે એક મોટી સંપર્ક સભાનું આયોજન કર્યું હતું. કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ પોલીસ કર્મચારીઓની ફરિયાદો દૂર કરવા, આંતરિક સંવાદ વધારવા અને ઓપરેશનલ કામગીરીમાં સુધારો લાવવાનો હતો. સંપર્ક સભામાં દમણના વિવિધ પોલીસ સ્ટેશન, ટ્રાફિક યુનિટ અને ઈન્ડિયા રિઝર્વ બટાલિયન ના ૧૦૦થી વધુ પોલીસ કર્મચારીઓએ સક્રિય ભાગ લીધો હતો. કાર્યક્રમની



શરૂઆત ખુલ્લી ફરિયાદ નિવારણ ફોરમથી કરવામાં આવી, જેમાં કર્મચારીઓએ પોતાની ઓપરેશનલ મુશ્કેલીઓ, ભલાઈ સંબંધિત મુદ્દાઓ તથા વ્યવહારુ સૂચનો રજૂ કર્યા હતા.

આ ઉપરાંત દમણ પોલીસે સંગઠિત ગુનાખોરી સામે પણ કડક કાર્યવાહી કરવાની દિશામાં ભાર મૂક્યો હતો. પોલીસ અધિકારીઓએ સમગ્ર જિલ્લામાં ગેરકાયદેસર દારૂ, નશીલા પદાર્થોની હેરાફેરી, જુગાર તથા અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવાની વાત કરી હતી.મોટા જાહેર કાર્યક્રમો દરમિયાન પોલીસની કામગીરીની પણ પ્રશંસા કરવામાં આવી હતી. મોન્સૂન ફેસ્ટિવલ, કલ્ચરલ પરેડ, વીવીઆઈપી મૂવમેન્ટ અને ગણેશ વિસર્જન જેવા પ્રસંગોમાં સરળ સિક્યોરિટી, ટ્રાફિક તથા ભીડ વ્યવસ્થાપન માટે પોલીસ કર્મચારીઓની કામગીરીને બિરદાવવામાં આવી હતી.દમણ પોલીસે તમામ ઈન્વેસ્ટિગેટિંગ ઓફિસર્સને મજબૂત પુરાવાના આધારે ચાર્જશીટ તૈયાર કરવા અને કોર્ટમાં દોષસિદ્ધિનો દર વધારવા માટે પણ સૂચના આપી હતી. સાથે જ ભ્રષ્ટાચાર સામે કડક વલણ અપનાવવાની ચેતવણી આપવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે કોઈ કર્મચારી ખોટી અથવા ભ્રષ્ટ પ્રવૃત્તિમાં સંડોવાયેલો જણાશે તો તેની સામે કડક શિસ્તભંગ અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સંપર્ક સભા દ્વારા દમણ પોલીસમાં વ્યાવસાયિક ઈમાનદારી, જાહેર સુરક્ષા, પારદર્શિતા અને જવાબદારીને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

### ૧૩મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ. ઇશ્વરભાઇ નારણદાસ રાજપૂત**

**સ્વ. તા. ૦૨-૧૦-૨૦૧૩**

આપની ચિર વિદાયને આજે ૧૨ વર્ષ થયા છે. પરંતુ આપની સ્મૃતિ અમારા હૃદયમાં આજે પણ આપના પરોપકારી પ્રેરણારૂપ ભક્તિ, કરૂણાજનક, હૃદય સ્પર્શી, માનવતાવાળી અને સમાર્પિત જીવન દ્રષ્ટિના સદ્‌ગુણો પ્રેરણા સ્વરૂપે આત્મસાત છે. ધુપસળીની માફક જીવન જીવી સૌનો સ્નેહ જીવન દરમિયાન પ્રાપ્ત કર્યો. અમો આપના પરિવારજનોના બાર વર્ષના પસાર થયેલા સમયમાં તમારી યાદને ક્યારેય વિસર્યા નથી અને ક્યારેય વીસરી શકીએ એમ નથી.

લિ.
વિપુલ ઈશ્વરભાઈ રાજપૂત
આયુષી, યુગ, પાર્થ તથા સમસ્થ પરિવાર

સ્થળ: વાપી મુખ્ય બજાર રોડ

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees
Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10
Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

કનૈયા ટ્રેડીંગ કું.
અનાજ, કઠોળ, મરીમસાલા તેમજ પુજાના સામાનના વેપારી
મહેન્દ્રભાઇ ભાનુશાલી 8866932585
કનૈયા ભાનુશાલી 9898297250
પારસમરણી એપાર્ટમેન્ટ, મોટા પારસીવાડ, વલસાડ-૩૯૬૦૦૧

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા · વાયર · વેલ્ડમેસ
ખીલી · હુક · જાળી · નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

गांधी जयंति के अवसर पे
खादी पे 30 % और
सील्क, वोलेन पे 20 % की छुट
"खादी तन की शान है, सत्य मन की पहचान है;
मेहनत मेरा धर्म है, भारत मेरी जान है।"
02-10-2026 to 02-11-2026
100 % NATURAL
HANDMADE
SUPPORT INDIAN ARTISANS
GANDHI ASHRAM
KHADI
ONE BRAND FOR NATURE | PURE | INDIAN | SUSTAINABLE
Mob. No. 9998517995
G-3, Ground Floor, Shopper Stop, Imran Nagar, Silvassa Road, Vapi, Gujarat - 396 191

सत्यमेव जयते
Government of India
ગાંધીજી અને શાસ્ત્રીજીને તેમની જન્મજયંતી પર કૃતજ્ઞ રાષ્ટ્રના કોટિ-કોટિ વંદન
૨ ઓક્ટોબર, ૨૦૨૬
મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતી પર, રાષ્ટ્ર એ બે મહાન નેતાઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે જેમણે પોતાનું જીવન રાષ્ટ્રની સેવામાં સમર્પિત કર્યુ હતું.
"જ્યાં ગાંધીજીએ સાહસ, સાદગી, સેવા અને કરૂણાની શક્તિનો માર્ગ બતાવ્યો, ત્યાં શાસ્ત્રીજીનું જીવન અને નેતૃત્વ આપણને એક સશક્ત અને આત્મનિર્ભર રાષ્ટ્રના નિર્માણ માટે પ્રેરિત કરતું રહેશે"
- નરેન્દ્ર મોદી
CBC 63101/13/0015/2627

# ધરમપુર વિજ્ઞાન કેન્દ્રમાં 'આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંસ્કૃતિ દિવસ'ની ઉજવણી







**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ધરમપુર, નેશનલ કાઉન્સિલ ઑફ સાયન્સ મ્યુઝિયમ્સ (NCSM), સંસ્કૃતિ મંત્રાલય, ભારત સરકાર) ખાતે તારીખ ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ દ્વારા વિવિધ શૈક્ષણિક, પ્રાયોગિક અને રસપ્રદ પ્રવૃત્તિઓ સાથે Science makes your life better' વિષય ઉપર આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંસ્કૃતિ દિવસ (International Day of Scientific Culture – IDSC) ની ઉજવણી કરવામાં આવી. આંતરરાષ્ટ્રીય વૈજ્ઞાનિક સંસ્કૃતિ દિવસનો મુખ્ય હેતુ સમાજમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ, જિજ્ઞાસા, તર્કશક્તિ અને નવીનતાની સંસ્કૃતિ વિકસાવવાનો તથા વિજ્ઞાનને સામાન્ય જનજીવન સાથે જોડવાનો છે.

કાર્યક્રમ દરમિયાન જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુરના કર્મચારીઓ અને મુલાકાતીઓ માટે વેસ્ટ ટુ આર્ટ – દેવ ચા વાદ્ય તારપા હસ્તકલા કાર્યશાળાનું આયોજન મણિલાલ છગનભાઈ ભુસારાના માર્ગદર્શન હેઠળ તારપા વાદક છગનભાઈ ભુસારા દ્વારા કરવામાં આવ્યું. કાર્યશાળા દરમિયાન સહભાગીઓએ વાંસ તથા કુદરતી સામગ્રીનો ઉપયોગ કરીને 'તારપો'નામનું પરંપરાગત આદિવાસી લોકવાદ્ય તૈયાર કર્યું. આ પ્રસંગે તારપા સાથે સંકળાયેલા ઈતિહાસ અને તેની પરંપરા વિશે તેમજ અન્ય મહત્વની માહિતી વિગતવાર આપવામાં આવી હતી. તેમણે તારપો વગાડી તેનું પ્રત્યક્ષ નિદર્શન પણ કર્યું તથા તેને કેવી રીતે વગાડવું અને વગાડતી વખતે કઈ કાળજી રાખવી તે અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે માટે જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ ડી. રાઠોડ દ્વારા સંગીતના વાજિંત્રો માં ધ્વનિ કેવી રીતે નિર્માણ થાય છે અને અવાજનું વિવર્ધન કેવીરીતે થાય છે તેની પાછળનું વિજ્ઞાન પ્રાયોગિક નિદર્શન કરી બતાવ્યુ હતું. મણિલાલ સી. ભુસારા (પૂર્વ જિલ્લા શિક્ષણ અધિકારી), દિનેશભાઈ ખાંડવી (પશુધન નિરીક્ષક, નાનાપોંઢા) અને મોન્ટુદાદા પણ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ અંતર્ગત બી. આર. જે. પી. પારડીવાળા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ, પારડી ના વિદ્યાર્થીઓ માટે જિલ્લા વિજ્ઞાન અધિકારી પ્રજ્ઞેશ ડી. રાઠોડ દ્વારા “Innovative Technology for Cleanliness & Waste Management” વિષય પર વક્તવ્ય આપવામાં આવ્યું. વક્તવ્ય દરમિયાન ભારતના “Clean, Smart & Sustainable India”ના વિઝન, સંકલિત અને ટકાઉ કચરા વ્યવસ્થાપન, કચરાને સંસાધન તરીકે ઉપયોગમાં લેવાની સંભાવનાઓ, ડિજિટલ કચરા સંગ્રહ વ્યવસ્થાનું સુદૃઢીકરણ, સ્વચ્છ ભારત સ્માર્ટ સિટી તથા સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપનમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના ઉપયોગ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ, સ્વચ્છતા શપથ, સાત તબક્કામાં હાથ ધોવાની યોગ્ય પદ્ધતિનું નિદર્શન, પ્લાસ્ટિક કચરામાંથી વેસ્ટ ટુ આર્ટ કાર્યશાળા તથા પઝલ કોર્નરનું આયોજન કરવામાં આવ્યું, જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ પઝલ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો

તેમજ વિધાર્થી વિજ્ઞાન મંથન (VVM) ઉભરતા ભારત માટેની ડિજિટલ આધારિત અને સૌથી મોટી વિજ્ઞાન પ્રતિભા શોધ પરીક્ષા ૨૦૨૬-૨૭ અંગે નોંધણી પ્રક્રિયા, પરીક્ષાની રચના, સમયપત્રક, ભાસ્કર શિષ્યવૃતિ, સૃજન ઈન્ટર્નશિપ તથા રાષ્ટ્રીય સ્તરે ઉપલબ્ધ વિવિધ તકો અંગે માહિતી આપવામાં આવી હતી સાથેજ VVM ની નોંધણી તારીખ ૧૫.૧૦.૨૦૨૬ સુધી કરી શકશે એમ પણ જણાવ્યુ હતું.

વિદ્યાર્થીઓ માટે આકાશ નિરીક્ષણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આધુનિક ટેલિસ્કોપની મદદથી સૂર્યના કલંકો (Sunspots) અને શુક્ર ગ્રહનું નિરીક્ષણ કરવામાં આવ્યું. ઉપરાંત, વોટર રોકેટના નિદર્શન દ્વારા દબાણ અને પ્રક્ષેપણ સાથે સંકળાયેલા વૈજ્ઞાનિક સિદ્ધાંતોને સરળ અને રસપ્રદ રીતે સમજાવવામાં આવ્યા. વિદ્યાર્થીઓએ પઝલ પ્રવૃત્તિમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો તેમજ અંધશ્રદ્ધા નિવારણ શો નિહાળ્યો. આ ઉપરાંત સ્વચ્છતા કા સંદેશ વિષય આધારિત ફિલ્મનું પ્રદર્શન પણ કરવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ અને મુલાકાતીઓને વિજ્ઞાનને પ્રાયોગિક તથા રસપ્રદ રીતે સમજવાની તક મળી હતી. કાર્યક્રમના વિવિધ સત્રો અને પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મકતા, સ્વચ્છતા પ્રત્યેની જાગૃતિ, પર્યાવરણ સંરક્ષણ અને તર્કસંગત વિચારસરણીને પ્રોત્સાહન મળ્યું.

સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, સ્ટાફના સભ્યો તથા મુલાકાતીઓ સહિત કુલ ૨૫૦ જેટલા લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**જિલ્લા વહીવટી તંત્ર અને નવસારી મનપાના ઉપક્રમે તા.૧૧, ૧૨ અને ૧૩ ઓક્ટોબરે આયોજન**

# નવસારીમાં 'વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશન (VSSE)' યોજાશે

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**




નવસારી જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને નવસારી મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થા (ISRO)ના સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC), અમદાવાદ દ્વારા 'વિક્રમ સારાભાઈ સ્પેસ એક્ઝિબિશન' (Vikram Sarabhai Space Exhibition-VSSE)નું આયોજન કરવામાં આવ્યું છે.

આ વિશેષ અવકાશ પ્રદર્શન તા. ૧૧, ૧૨ અને ૧૩ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન નવસારી મહાનગરપાલિકા ટાઉનહોલ, દેવિના પાર્ક, નવસારી ખાતે યોજાશે. પ્રદર્શનનો સમય સવારે ૯ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધીનો રહેશે.

પ્રદર્શનમાં વિદ્યાર્થીઓ તેમજ નાગરિકોને અવકાશ વિજ્ઞાન અને ટેક્નોલોજી સાથે જોડાયેલી વિવિધ બાબતોને નજીકથી સમજવાની તક મળશે. કાર્યક્રમના મુખ્ય આકર્ષણોમાં Interaction with Scientist, Space on Wheel, Space Science and Technology Exhibition તથા Demonstration of Rocket Launchingનો સમાવેશ થાય છે. આ પ્રદર્શનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને નાગરિકોમાં અવકાશ વિજ્ઞાન, અંતરિક્ષ ટેકનોલોજી તથા વૈજ્ઞાનિક સંશોધન પ્રત્યે રસ-રુચિ વધારવાનો તેમજ ISRO દ્વારા અંતરિક્ષ ક્ષેત્રે કરવામાં આવેલી વિવિધ સિદ્ધિઓ અને સંશોધનથી સૌને માહિતગાર કરવાનો છે.

જે શાળા-કોલેજો પોતાના વિદ્યાર્થીઓને આ વિશેષ પ્રદર્શનની મુલાકાત કરાવવા ઈચ્છતી હોય, તેઓએ અગાઉથી સ્લોટ બુકિંગ કરાવવાનું રહેશે. સ્લોટ બુકિંગ માટે નીચે દર્શાવેલ સંબંધિત શિક્ષણ અધિકારીઓનો સંપર્ક કરવાનો રહેશે.

આ સ્લોટ બુકિંગ માટેજિલ્લા શિક્ષણાધિકારી-૯૯૦૯૯૭૦૨૨૩,જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-૯૯૦૯૯૭૧૬૮૮, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી-૯૪૨૭૮૪૬૧૬૧, શિક્ષણ નિરીક્ષક-૯૪૨૬૮૬૮૦૭૯ પર સંપર્ક કરવા જણાવાયું છે. જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાની દ્વારા નવસારી જિલ્લાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, શાળા-કોલેજોના સંચાલકો તેમજ નાગરિકોને આ અનોખા અવકાશ વિજ્ઞાન પ્રદર્શનની મુલાકાત લઈ તેનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# નવસારીમાં જિલ્લા કક્ષાની 'રાષ્ટ્રીય વિજ્ઞાન નાટ્ય સ્પધા' યોજાઇ

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**





ગુજરાત રાજ્યના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUcOST) દ્વારા નવસારી જિલ્લામાઁ રાષ્ટ્રીય વિજ્ઞાન નાટક મહોત્સવ (NSDF) 2026-27' ની જિલ્લા કક્ષાની સ્પર્ધાનું સફળતા પર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ આયોજન જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર (Dstrict Community Science Centre - DCSC) ના સક્રિય સંકલન અને સહયોગથી સંપન્ન થયું છે.

ઉલ્લેખનીય છે કે, નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિયમ્સ (NCSM), ભારત સરકારના સંયુક્ત ઉપક્રમે GUCOST દ્વારા દર વર્ષે આ રાષ્ટ્રીય વિજ્ઞાન નાટ્ય મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. સમાજમાં સત્ય, તર્ક અને જ્ઞાન આધારિત વિચારસરણીને પ્રોત્સાહિત કરવા તથા પરંપરાગત વહેમો અને અંધશ્રદ્ધાઓ માંથી મુક્ત થઈ પ્રગતિશીલ વિચાર ધારા કેળવવાના શુભ આશય સાથે, નાટ્ય કળા જેવા જીવંત અને લોકભોગ્ય માધ્યમ દ્વારા વૈજ્ઞાનિક જ્ઞાનનો પ્રચાર કરવાનો આ પ્રયાસ છે. આ વર્ષે મહોત્સવનો મખ્ય વિષર્યા વિજ્ઞાન અને સમાજૅ નિર્ધારિત કરવામાં આવ્યો છે, જેના અંતર્ગત વિદ્યાર્થીઓએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AIઁ) મિત્ર, ઉપકરણ કે ખતરો, ઈલેક્ટ્રિક વાહનો (EV): આગળનો માર્ગ, આંતરતારકીય આવાસ (Interstelar Habitats) તેમજ મહાસાગરોની પન સ્થાપના જેવા વિષયો પર પોતાની મૌલિક અને પ્રેરણાદાયી નાટ્ય- કૃતિઓ રજૂ કરી હતી.

આ વિજ્ઞાન નાટ્ય મહોત્સવમાં જિલ્લાની શાળાઓના ધોરણ ૬ થી ૧૦ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જિલ્લામાંટ્ટ ભાગ લેનાર ૮ ટીમોએ મહત્તમ ૩૦ મિનિટ અને ૮ કલાકારોની મર્યાદામાં પોતાની કળાનં પ્રદર્શન કર્યું. જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર (DCSC) દ્વારા ગ્રામીણ તેમજ શહેરી વિસ્તારની શાળાઓને સાંકળીને આ મહોત્સવનું સુચારુ સંચાલન કરવામાં આવ્યું હતું.

ગુજકોસ્ટના ડિરેક્ટર જનરલ દિગ્વિજયસિંહ જાડેજા, IAS અને રાજ્યના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના માર્ગદર્શન હેઠળ અને સચિવ પી. ભારતી, IASના વડપણ હેઠળ ગુજકોસ્ટ (GUJCOST)| અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ વિદ્યાર્થીઓ અને સામાન્ય જનમાનસમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા કટિબદ્ધ છે. આ નાટ્ય મહોત્સવ શ્રેણી દ્વારા સરળ શૈલીમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીને સમજાવવામાં અત્યંત મદદરૂપ સાબિત થશે. આ કાર્યક્રમમાં મહાનુભાવો હસ્તે વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા બનેલી ટીમ તારીખ ૧૪-૧૫ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ રાજકોટ ખાતે યોજાનાર બે દિવસીયટ્ટ રાજ્ય કક્ષાના ગ્રાન્ડ ફિનાલેમાં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે,જ્યાંથી રાજ્ય કક્ષાની વિજેતા ટીમ પશ્ચિમ ઝોનલ સ્પર્ધા (નેહરુ સાયન્સ સેન્ટર, મુંબઈ) અને ત્યારબાદ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા (સાયન્સસિટી, કોલકાતા) માં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. તમામ સહભાગી ટીમોને પ્રમાણપત્ર તેમજ વિજેતાઓને ટોફી અને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

## બીલીમોરા કન્યા શાળાની કૃતિ ઝળકી




ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા ઈટાળવા,નવસારી સ્થિત સ્વામિનારાયણ સાંસ્કૃતિક ભવન ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાના સાયન્સ ડ્રામા ફેસ્ટિવલમાં પીએમ શ્રી કન્યા શાળા, બીલીમોરાની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીઓએ AI: મિત્ર, સાધન કે જોખમ?' વિષય પર વિજ્ઞાન અને સમાજના સમન્વય સાથે વ્યવહારુ જીવનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની અસરો દર્શાવતું પ્રેરણાદાયી નાટક રજૂ કર્યું હતું. આ સફળ અને વિચારપ્રેરક પ્રદર્શન બદલ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ભાગ લેનાર વિદ્યાર્થિનીઓ તેમજ માર્ગદર્શક શિક્ષકને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# વઘઈમાં તાલુકાકક્ષાનું વિજ્ઞાન-ગણિત પર્યાવરણ પ્રદર્શન યોજાયું





**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

ડાંગ જિલ્લાનાં વઘઇ ખાતે આવેલી સરકારી ખેતીવાડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે જિલ્લા શિક્ષણાધિકારી જીજ્ઞેશકુમાર ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ તાલુકા કક્ષાના વિજ્ઞાન, ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતુ.આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી જીજ્ઞેશકુમાર ત્રિવેદી ઉપરાંત જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ઉષાબેન ડી. પટેલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વઘઈના પ્રાચાર્ય બી.એમ. રાઉત, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, આહવા-ડાંગના શિક્ષણ નિરીક્ષકો એસ.એચ. પરમાર તથા આર.એ. ટંડેલ સહિત સ્થાનિક આગેવાનો અને શિક્ષણવિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.ગ્રામીણ અને આદિવાસી વિસ્તારના વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તેમજ તેમની સર્જનાત્મકતા અને પ્રતિભાને યોગ્ય પ્લેટફોર્મ મળે તેવા ઉદ્દેશ્ય સાથે યોજાયેલા આ પ્રદર્શનમાં વઘઇ તાલુકાની વિવિધ શાળાઓમાંથી વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમનો પ્રારંભ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય અને -ર્થના સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, નવીનીકરણીય ઊર્જા, કૃષિ ક્ષેત્રની આધુનિક તકનીકો, કચરા વ્યવસ્થાપન, રોજિંદા જીવનમાં ગણિતના ઉપયોગ સહિતના વિવિધ વિષયો પર આધારિત અદ્યતન, સર્જનાત્મક અને લોકઉપયોગી કૃતિઓ તથા મોડેલ્સ રજૂ કરવામાં આવ્યા હતા. પ્રદર્શનની મુલાકાત લેનાર અધિકારીઓ, પદાધિકારીઓ, શિક્ષકો તથા શાળા પરિવારે વિદ્યાર્થીઓની કૃતિઓ નિહાળી તેમના વૈજ્ઞાનિક અભિગમ અને સર્જનાત્મકતાને બિરદાવ્યા હતા. નિરીક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની વિવિધ કૃતિઓનું તટસ્થ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર કૃતિઓને જિલ્લા કક્ષાના પ્રદર્શન માટે પસંદ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે સરકારી ખેતીવાડી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, વઘઈના આચાર્ય કેતનકુમાર એસ. ગવળી, શૈક્ષણિક સ્ટાફ તથા કર્મચારીઓ અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, આહવા-ડાંગના અધિકારીઓ અને કર્મચારીઓએ નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી. આ પ્રદર્શનમાં આસપાસની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ મુલાકાત લઈ બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓ નિહાળી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન અને ગણિત પ્રત્યે રુચિ તથા નવીન વિચારોને પ્રોત્સાહન મળ્યું હતું.

## મોરબી વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચિત્ર સ્પર્ધા

ગુજકોસ્ટ પ્રેરિત આર્ય ભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર મોરબી દ્વારાં આયોજિત વન્યજીવન સપ્તાહની ઉજવણી હેઠળ વન્ય જીવ સપ્તાહ જીવો અને જીવવા દો નાં અનુસંધાને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં ડ્રોઈંગ સીટ માં કેટેગરી મુજબ ગમતું કોઈપણ એક પ્રાણી નું ચિત્ર દોરી તેમાં રંગો પુરી તે પ્રાણી ની વિશેષતાઓ સમજાવતો વિડીઓ બનાવી કેટેગરી મુજબ ભાગ લઈ શકાય છે. એન્ટ્રી તા. ૬ ઓક્ટોબર સુધી મોકલી શકાશે.

# રાજકોટ વિજ્ઞાન કેન્દ્રમાં સેટેલાઈટ કોમ્યુનિકેશનનું પ્રોટોટાઈપ બનાવાયું

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



BBAC - Telemetry Technology Demonstrator-1 (BBAC - TTD1) એ ડ્રોન દ્વારા હવામાં તૈનાત કરવામાં આવનાર ઉપગ્રહ સંચાર તકનીકનું પ્રદર્શન કરતું પ્રોટોટાઈપ છે. આ એક PoC (proof of concept) છે, જે ડ્રોન સાથે દોરી વડે જોડાયેલ રહીને આશરે ૩૫૦ ફૂટની ઊંચાઈએથી વિવિધ સેન્સરો દ્વારા મળતી માહિતીનું માપન અને પ્રસારણ કરશે. આ ઉપકરણ LoRa radio દ્વારા સ્થાન, ઊંચાઈ, દિશા અને ઝુકાવ (roll, pitch, yaw), હવાની ગુણવત્તા, વાતાવરણીય દબાણ, સાપેક્ષ ભેજ, તાપમાન, બેટરી વોલ્ટેજ અને બૂસ્ટ વોલ્ટેજ જેવા વિવિધ પરિમાણોની માહિતી મોકલશે. આ રીતે મેળવવામાં આવેલી તમામ માહિતી કમ્પ્યુટર પર તૈયાર કરવામાં આવેલા વિશિષ્ટ નિયંત્રણ પેનલ (dashboard) પર જોઈ શકાશે.આ ડ્રોન દ્વારા તૈનાતીનું પરીક્ષણ ૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ World Space Week 2026ની ઉજવણીના પ્રારંભના ભાગરૂપે યોજવામાં આવશે

# અમરોલીમાં વિદ્યાર્થી વિજ્ઞાન મંથન કાર્યક્રમ યોજાયો

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



અમરોલી ખાતે કે એડ એમપી પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં વિજ્ઞાન વાર્તાલાપ વિદ્યાર્થી વિજ્ઞાન મંથન યોજાયો હતો.

જેમાં વિજ્ઞાન ભારતીના ગુજરાત રાજ્ય કોર્ડીનેટર પ્રિ.મનસુખ નારિયાએ શાળાના ૭૦૦થી વધુ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો જેમાં ધોરણ ૬થી ૧૧ ના વૈજ્ઞાનિક વલણ ધરાવતા વિદ્યાર્થીઓને રાજ્ય અને રાષ્ટ્ર સ્તરે કઈ રીતે સહભાગી થઈ શકાય તેની માહિતી આપી હતી તથા તેમણે હાલમાં ગુજરાતી ભાષામાં એકમાત્ર વિજ્ઞાન મેગેઝીન સાયન્સ ગ્રાફીનો પરિચય પણ આપ્યો હતો. તેમણે વિજ્ઞાનમાં ઝડપી પરિવર્તનો અને તેની શિક્ષણમાં અસરો અંગે પણ પ્રશ્નોત્તરી સાથે વાર્તાલાપ કર્યો હતો. તેમણે વિજ્ઞાનમાં અનેક અવનવા સંશોધનો અંગે પણ રસપ્રદ વાત કરી હતી. કાર્યક્રમ દરમ્યાન વિદ્યાર્થીઓ પ્રશ્નોત્તરીમાં પણ રસ પૂર્વક જોડાયા હતાં.

# ફણસાની વાડિયા હાઇ. માં વિજ્ઞાન મેળો યોજાયો



**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

બી. એમ એન્ડ બી. એફ. વાડિયા હાઈસ્કુલ ફણસા ખાતે સાયન્સ ફેરનું ભવ્ય આયોજન વિધાર્થીઓ અને શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું. આ સાયન્સ ફેર ને શાળાના કમિટી મેમ્બર નરેન્દ્રભાઇ ટંડેલ શાળાના સુપરવાઈઝર વર્ષાબહેન શાળાના સિનિયર કલાર્ક રાજુભાઇ પટેલ દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો. ધોરણ-૯ થી ધોરણ-૧૨ ના સાયન્સ પ્રવાહ દ્વારા કુલ ૧૦ જેટલા વર્કિંગ મોડેલો કુલ ત્રીસ જેટલા વિધાર્થીઓએ શિક્ષકો ના માર્ગદર્શન હેઠળ જાતે બનાવી રજૂ કરવામાં આવી હતી. પુનઃ પ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો જેમકે સોલર એનર્જી, વીન્ડસ એનર્જી હાઈડ્રોજન એનર્જી વગેરેના પ્રોજેક્ટો વિધાર્થીઓએ સરસ રીતે રજૂ કર્યા છે. ખાધ પદાર્થો નું વૈજ્ઞાનિક રીતે વિશ્લેષણ આજના યુગમાં સમતલ ખોરાકનું મહત્વ ઘરનો ખોરાક અને બહારના ખોરાક વચ્ચેનો ભેદ સમજાવતી કૃતિઓ માર્ગ વાહનવ્યવહાર વગેરે જેવી સમાજ ઉપયોગી અને સમાજને સંદેશો આપતી કૃતિઓ મુકવામાં આવી છે.

ખરેખર શિક્ષકો અને વિધાર્થીઓએ ફક્ત પાંચ દિવસમાં આ કૃતિઓ તૈયાર કરી મુકવામાં આવી છે. દરેક વિધાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકો ધન્યવાદને પાત્ર છે. આ કૃતિઓ શાળાના હજાર ઉપરાંત વિધાર્થીઓએ નિહાળી છે.

# શનિવારે શનિના વલયો જોવાની તક

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**

તા. ૪ થી ઓકટોબર, ૨૦૨૬ના રોજ શનિ એની ભ્રમણકક્ષામાં સૂર્ય સન્મુખ સ્થિતિમાં પહોંચશે એટલે સૂર્ય અને શનિની વચ્ચે પૃથ્વી હશે. અને સૂર્યનો પ્રકાશ શનિના ગ્રહ પર પડતો હશે.

એટલે શનિ વધુ પ્રકાશિત દેખાશે અને ખાસ તો ઘણાં સમયથી શનિના વલયો જોવાની તક સાંપડશે. હવે શનિ સાંજથી સવાર સુધી આખી રાત જોવા મળશે. ટેલિસ્કોપથી શનિના વલયો જોવા ખુબ રસપ્રદ બનતા હોય છે.

# જોથાણમાં મોડેલ રોકેટ્રી વર્કશોપ યોજાયો

**સાયન્સ કોર્નર ડેસ્ક**
**દમણગંગા ટાઈમ્સ, વાપી**



શ્રીમતી કે.વી. માંગુકિયા વિદ્યાલય જોથાણ ખાતે જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે શાળાના વિદ્યાર્થીઓ માટે મોડેલ રોકેટ્રી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, આજના કાર્યક્રમમાં સૌ-થમ ધોરણ-૯ ના વિદ્યાર્થીઓને પાંચ-પાંચના ગ્રુપમાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓને ઍરપ્રેસર સિદ્ધાંત આધારે ઉડતા હોય તેવા રોકેટના મોડેલ બનાવવા વિશે પિનાકીનભાઈ પુરાણીક અને જી. એન. કાકડિયા દ્વારા વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું, તેના માટે ખાસ વેસ્ટ પ્લાસ્ટીકની બોટલોનો ઉપયોગ કરવામાં આવ્યો, ૧૦ ગ્રુપમાં ૧૦ મોડલ તૈયાર કરવામાં આવ્યા, ત્યારબાદ ટ્રસ્ટીગણ, આચાર્ય, શિક્ષકગણ, નિયામક અને શાળાના તમામ વિદ્યાર્થીઓની હાજરીમાં શાળાના મેદાનમાં રોકેટને આકાશમાં લોન્ચપેડની મદદથી હવામાં લોન્ચ(Launching)/ ઉડાડવામાં આવ્યા, સમગ્ર કાર્યક્રમમાં બાળકોને રોકેટના સિદ્ધાંત અને કાર્યપદ્ધતિની, ઉપયોગિતા અંગે સિધાંતિક અને પ્રેક્ટીકલ જ્ઞાન અને ઉત્સાહવર્ધક જોવા મળ્યો હતો.

## ભીલાડમાં આશાપુરા માતાજીના પદયાત્રીઓ માટે સેવા કેમ્પોનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ઉમરગામ, તા.૦૧ : ભીલાડમાં આશાપુરા માતાજીના પદયાત્રીઓ માટે સાત દિવસીય સેવા કેમ્પનો પ્રારંભ ભીલાડ નેશનલ હાઈવે સ્થિત 'કાલભૈરવ' મંદિર પરિસરમાં 'માં આશાપુરા મિત્ર મંડળ' દ્વારા કચ્છ ખાતે આશાપુરા માતાજીના દર્શનાર્થે પગપાળા તથા સાયકલ યાત્રાએ નીકળેલા યાત્રિકોની સેવા માટે સાત દિવસીય સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

માતાજીના ભક્ત સાહિદ્રભાઈ ધોડીની આગેવાનીમાં આજે સવારે દીપ પ્રાગટ્ય અને માતાજીની આરતી સાથે સેવા કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ભીલાડ પોલીસ સ્ટેશનના PI જી.આર. ગઢવી, ભીલાડ ગ્રામ પંચાયતના સરપંચ વૈશાલીબેન કપિલભાઈ જાદવ સહિત પંચાયત સભ્યો, નંદીગામના સરપંચ સંતોષભાઈ, વિશ્વ હિન્દુ પરિષદના પિયુષભાઈ શાહ, જિલ્લા મંત્રી અંકિતભાઈ શાહ, ઉપસરપંચ રાજેશભાઈ સહિત સામાજિક કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સેવા કેમ્પમાં યાત્રિકો માટે ચા-પાણી, નાસ્તો, ભોજન, આરામ અને રોકાણની વ્યવસ્થા તેમજ મેડિકલ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. માતાજીની જયજયકાર સાથે આરતી ઉતારી મહા-સાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાત દિવસ દરમિયાન મોટી સંખ્યામાં યાત્રિકોને સેવા મળી રહે તે માટે આયોજક મંડળ અને વિવિધ ગામોના કાર્યકરો દ્વારા સેવાકાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

## ઉમરગામ બાર એસો.ની મામલતદારને રજૂઆત

### પેન્ડિંગ જન્મ-મરણ નોંધણીની અરજીઓનો કાયદેસર નિકાલ કરવા માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ઉમરગામ, તા.૦૧ : ઉમરગામ બાર એસોસિએશન દ્વારા મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને રજૂઆત કરી જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) હેઠળ અગાઉથી પેન્ડિંગ અરજીઓની સુનાવણી કરી નિર્ણય લેવા માંગ કરવામાં આવી છે.

એસોસિએશનના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ દરમિયાન દાખલ થયેલી અનેક અરજીઓ મામલતદાર કચેરીમાં પેન્ડિંગ છે. કેન્દ્ર સરકાર દ્વારા ૬ ઓગસ્ટ ૨૦૨૬ના ગેઝેટમાં જન્મ-મરણ નોંધણીના નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે, જે ૧ ઓક્ટોબર ૨૦૨૬થી અમલમાં આવવાનો છે.

એસોસિએશને રજૂઆતમાં જણાવ્યું છે કે અગાઉથી પેન્ડિંગ અરજીઓ અંગે નવી જોગવાઈઓમાં સ્પષ્ટ માર્ગદર્શિકા જોવા મળતી નથી. તેથી પેન્ડિંગ તમામ અરજીઓની સુનાવણી કરી કાયદેસર રીતે નિર્ણય કરવા મામલતદારને વિનંતી કરવામાં આવી છે. આ રજૂઆતની નકલ વલસાડ જિલ્લા કલેક્ટર અને ગુજરાત રાજ્યના રાજ્યપાલના મુખ્ય સચિવને પણ મોકલવામાં આવી છે.

## ભિલાડમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ઉમરગામ, તા.૦૧ : ઉમરગામ તાલુકાના ભિલાડ ખાતે ભંડારી સમાજ હોલમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ડહેલી, ભિલાડ સહિત આશરે ૧૪ ગામોના લાભાર્થીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે ધારાસભ્ય રમણભાઈ પાટકર, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ શૈલેષભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ વળવી, તાલુકા ભાજપ પ્રમુખ ડૉ. નિરવ શાહ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ તથા તાલુકા ભાજપ પ્રભારી મુકેશભાઈ તિવારી, જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ વરઠા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત તાલુકા ભાજપ મહામંત્રી સતિષ કારભારી અને ચેતનભાઈ રાઉત, તાલુકા પંચાયત સભ્ય નીતાબેન પાટકર, પૂર્વ જિલ્લા બાંધકામ સમિતિ અધ્યક્ષ ભરતભાઈ જાદવ, વિવિધ ગામોના સરપંચો, સભ્યો તેમજ મોટી સંખ્યામાં લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

## ઉમરગામ દરિયા કિનારે સફાઈ અભિયાન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ઉમરગામ, તા.૦૧ : સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ઉમરગામ નગરપાલિકા દ્વારા રળિયામણા દરિયા કિનારે સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. ધારાસભ્ય રમણભાઈ પાટકર, નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, કારોબારી અધ્યક્ષ ગૌરવ કોન્ટ્રાક્ટર, ચીફ ઓફિસર અતુલચંદ્ર સિન્હા, નગરપાલિકાના કોર્પોરેટરો તથા મોટી સંખ્યામાં પર્યાવરણ પ્રેમીઓએ સફાઈ અભિયાનમાં જોડાઈ દરિયા કિનારેથી કચરો એકત્ર કરી તેનો નિકાલ કર્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિતોએ લોકોને સ્વચ્છતા જાળવવા અને દરિયા કિનારે કચરો ન ફેંકવા અપીલ કરી હતી. સાથે જ પર્યાવરણને નુકસાનકારક સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. મહાત્મા ગાંધીના 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'ના સંદેશને સાકાર કરવા સ્વચ્છતા અભિયાન દ્વારા પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## ઉમરગામની અગ્રથા એકેડમીમાં વિજ્ઞાન અને વાણિજ્ય પ્રદર્શન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ઉમરગામ, તા.૦૧ : ઉમરગામની ધ અગ્રથા એકેડમી CBSE સ્કૂલ ખાતે કૌશલ બોધ, કૌશલ વિકાસ, વિજ્ઞાન અને વાણિજ્ય પ્રદર્શન યોજાયું. તેનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, પ્રયોગાત્મક જ્ઞાન અને વ્યવહારુ કૌશલ્ય વિકસાવવાનો હતો.ધોરણ ૩થી ૮ તેમજ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તેમણે અભ્યાસક્રમ સાથે જોડાયેલા વિવિધ સર્જનાત્મક પ્રોજેક્ટ, આર્ટવર્ક અને વૈજ્ઞાનિક મોડેલ રજૂ કર્યા. પ્રિન્સિપાલ વૈશાલી ચૂરીએ રિબન કાપીને કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું.કૌશલ બોધ અને વિકાસમાં ધોરણ ૩થી ૮ના વિદ્યાર્થીઓએ કલાત્મક કૃતિઓ દર્શાવી.કોમર્સ પ્રદર્શનમાં ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓએ બેંકની કાર્યપ્રણાલીનું મોડેલ રજૂ કર્યું. તેમણે નાસ્તા વેચીને ખર્ચ, કિંમત, વેચાણ અને નફાની વ્યવહારુ સમજ મેળવી.વિજ્ઞાન પ્રદર્શનમાં ધોરણ ૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓએ વર્કિંગ મોડેલ અને વૈજ્ઞાનિક પ્રોજેક્ટ દર્શાવ્યા. તેમણે વૈજ્ઞાનિક સિદ્ધાંતોને પ્રયોગાત્મક રીતે સમજાવ્યા. આ પ્રદર્શનથી વિદ્યાર્થીઓમાં ટીમવર્ક, નેતૃત્વ અને ઉદ્યોગસાહસિકતાના ગુણો વિકસ્યા.

## ઉમરગામ એમ.એમ. હાઈ.માં ટ્રાફિક અવેરનેસ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ઉમરગામ, તા.૦૧ : એમ.એમ. હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓમાં ટ્રાફિક નિયમો અને માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. તા. ૨૪ સપ્ટેમ્બરે યોજાયેલી ઓનલાઈન ટ્રાફિક અવેરનેસ ક્વિઝમાં ૧૧૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમાંથી પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓને ટ્રાફિક અવેરનેસ પ્રમાણપત્ર એનાયત કરાયા હતા.

ઉમરગામ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ હિરાભાઈ પરમાર તથા રાજેન્દ્રસિંહ ડાભીએ વિદ્યાર્થીઓને હેલ્મેટ, સીટબેલ્ટ, ટ્રાફિક સિગ્નલ અને રોડ સફટી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

તા. ૨૬ સપ્ટેમ્બરે વિદ્યાર્થીઓએ પોલીસ સાથે મળીને માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને હેલ્મેટ અને સીટબેલ્ટના ફરજિયાત ઉપયોગ અંગે જાગૃત કર્યા હતા. વિદ્યાર્થીઓએ વાહનચાલકોને ફૂલ અર્પણ કરી પ્રેમપૂર્વક ટ્રાફિક નિયમોનું પાલન કરવા અનુરોધ કર્યો હતો.

શાળાના આચાર્ય અલ્પેશકુમાર પટેલ, સહઆચાર્ય જેસલબેન શાહ સહિત સંસ્થાના હોદ્દેદારો, શિક્ષકો અને પોલીસ અધિકારીઓના સહયોગથી સમગ્ર અભિયાન સફળ રહ્યું હતું.

## ઉમરગામ પાલિકા ખાતે આંગણવાડીના બાળકોને ફ્રુટ કીટ વિતરણ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ઉમરગામ, તા.૦૧ : ઉમરગામ નગરપાલિકા વોર્ડ નંબર ૨ ભાઠા ફળિયાની આંગણવાડીમાં ધારાસભ્ય રમણભાઈ પાટકર, ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ, કારોબારી અધ્યક્ષ ગૌરવ કોન્ટ્રાક્ટર, ઉમરગામ શહેર પ્રમુખ મયંક પ્રેસવાલા,મહામંત્રી મનોજ ઝા, વિશ્વકર્મા ટંડેલ, મહિલા મોરચાના કાર્યકરોની ઉપસ્થિતિમાં આંગણવાડીના બાળકોને ફ્રુટ કીટ વિતરણ કરાઈ સાથે જ ઉપસ્થિત સગર્ભા મહિલાઓને પૌષ્ટિક આહાર તેમજ રાજ્ય સરકારની યોજનાઓનો લાભ મળે છે કે નહીં તે અંગે ધારાસભ્ય રમણભાઈ પાટકર સમીક્ષા કરી હતી. ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવે બાળકોને મળતા પૌષ્ટિક આહાર અને શિક્ષણનો

લાભ મળતો હોવાનું જણાવે ભાજપના કાર્યકરો અને ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના માર્ગદર્શન અને પ્રેરણાથી સેવાના મંત્ર સાથે નગરજનોની સુખાકારી માટે તત્પરતાથી કામગીરી કરી રહ્યા છે તેમ જણાવ્યું હતું.

## માણેકપુર આંગણવાડીમાં બાળકોને પૌષ્ટિક કીટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ઉમરગામ, તા.૦૧ : સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત ઉમરગામ તાલુકાના માણેકપુર આંગણવાડી ખાતે ૪૦થી વધુ બાળકોને પૌષ્ટિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ધારાસભ્ય રમણભાઈ પાટકર, તાલુકા સરપંચ સંઘ પ્રમુખ રાકેશભાઈ વઘાત તથા જિલ્લા પંચાયત સભ્ય રામદાસભાઈ સહિતના મહાનુભાવોના હસ્તે બાળકોને પૌષ્ટિક કીટ આપવામાં આવી હતી. કાર્યક્રમમાં ગ્રામ પંચાયતના સભ્યો અને આંગણવાડી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે શરૂ કરાયેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તાલુકામાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે, જેમાં સફાઈ અભિયાન, શેરી નાટક, રક્ત

દાન કેમ્પ, આંગણવાડી બાળકોને પૌષ્ટિક કીટ અને અનાથ આશ્રમના બાળકોને ફળ વિતરણ જેવા કાર્યક્રમોનો સમાવેશ થાય છે. આંગણવાડી વર્કર બહેનોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

## મરોલી જેએનસી હાઈ.માં તાલુકા કક્ષાના ૭૭મા વન મહોત્સવની ઉજવણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ઉમરગામ, તા.૦૧ : ઉમરગામ તાલુકાના મરોલી સ્થિત JNC હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાના ૭૭મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમના પ્રારંભે તાલુકા RFO અંકિત પટેલ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું હાર્દિક સ્વાગત કરી પુષ્પગુચ્છ અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના તથા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું. પ્રસંગિક ઉદબોધનમાં ધારાસભ્ય રમણભાઈ પાટકરે માનવજીવનમાં વૃક્ષોનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, વધતા શહેરીકરણને કારણે વૃક્ષોનું પ્રમાણ ઘટી રહ્યું છે અને તેના કારણે પર્યાવરણ પર ગંભીર અસર થઈ રહી છે. ગ્લોબલ વૉર્મિંગના કારણે અતિવૃષ્ટિ, દુકાળ અને ચક્રવાત જેવી કુદરતી આફતોના પડકારો વધી રહ્યા હોવાનું જણાવી તેમણે વધુમાં વધુ વૃક્ષારોપણ તથા વૃક્ષોના જતન માટે સૌને અપીલ કરી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષ

ારોપણ અને પર્યાવરણ સંરક્ષણ અંગે નાટક સ્વરૂપે સુંદર પ્રસ્તુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ ડો. નિરવ શાહ, મરોલી સરપંચ ગ્રીષ્માબેન ચિરાગભાઈ પટેલ, તાલુકા પંચાયત સભ્ય વનિતાબેન, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મયુરીબેન, તાલુકા ભાજપ ઉપપ્રમુખ ચિરાગભાઈ સહિત મહાનુભાવો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વન મહોત્સવ દરમિયાન ઉપસ્થિત સૌએ વૃક્ષારોપણ કરી રોપાયેલા વૃક્ષોના જતન અને ઉછેર માટે કટિબદ્ધતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમના અંતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## ઉમરગામ યુઆઈએની વાર્ષિક સાધારણ સભા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ઉમરગામ, તા.૦૧ : ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝેશનની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. પ્રમુખ અશોકભાઈ ગુપ્તા , સેક્રેટરી શ્યામ વિઝન, ટ્રેઝરર રત્નેશ્વર ચૌરસિયા, ઉપ-પ્રમુખ ભગવાનભાઈ ભરવાડ, યુઆઈએના હોદ્દેદારો તથા ઉદ્યોગકારો ની ઉપસ્થિતિમાં વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. અશોકભાઈ ગુપ્તા દ્વારા પ્રાથમિક સ્વાગત કર્યા બાદ ઉપસ્થિત સૌ ઉદ્યોગકારોને વાર્ષિક નાણાકીય હિસાબ અને હોસ્પિટલ જેવા મહત્વના પ્રોજેક્ટ બાબતે સેક્રેટરી શ્યામ વિઝન એ જાણકારી આપી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત પૂર્વ યુઆઈએ પ્રમુખ અને અગ્રણી ઉદ્યોગપતિ ઈશ્વરભાઈ બારી એ આગામી સમયમાં ઉદ્યોગોમાં કામદારોની જરૂરિયાત વિશે ધ્યાન દોરી ઉદ્યોગકારો માટે પાણીની સુવિધા તેમજ અન્ય કેટલીક મહત્વની બાબતે ધ્યાન દોરી તે દિશામાં પગલાં લેવા જણાવ્યું હતું. પૂર્વ પ્રમુખ દિલીપભાઈ સોહની એ ઉદ્યોગકારોના હિતમાં આગની ઘટના સમયે ઈન્સ્યોરન્સ બાબતે સચોટ માર્ગદર્શન મળી રહે તે માટે વ્યવસ્થાપન કરવા અનુરોધ કર્યો હતો, ઉમરગામ ઈન્ડસ્ટ્રિયલ એસોસિએશન (UIA) દ્વારા ૧ એપ્રિલથી સપ્ટેમ્બર-૨૦૨૬ દરમિયાન કરવામાં આવેલી વિવિધ કામગીરીનું ઓવરવ્યૂ રજૂ કરવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન સભ્યોની સમસ્યાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સરકારી વિભાગો સાથે ફોલોઅપ, આરોગ્ય, પર્યાવરણ, સુરક્ષા, પરિવહન તેમ

જ સામાજિક પ્રવૃત્તિઓ ક્ષેત્રે UIA ટીમ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

આરોગ્ય ક્ષેત્રે ૨૧ અને ૨૮ મેના રોજ RUSHABH FOUNDATION, તલાસરીના સહયોગથી આયોજિત આઈ સ્ક્રીનિંગ કેમ્પમાં ૧૩૬ લોકોની આંખોની તપાસ કરવામાં આવી હતી. ૩૦ લોકોને મોતિયાના ઓપરેશન માટે એમ.એલ. ધવલે મેમોરિયલ હોસ્પિટલ, પાલઘર ખાતે રિફર કરવામાં આવ્યા હતા, જ્યારે ૪૦ લોકોને ચશ્માનું વિતરણ કરાયું હતું. ઉષા ગારમેન્ટ્સ ખાતે ૩૩૭ કામદારોની આંખોની તપાસ કરી ૧૫૯ ચશ્મા આપવામાં આવ્યા અને ૧૮ કામદારોને હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા.

પરિવહન અને કનેક્ટિવિટી ક્ષેત્રે ઝરી ખાડી બ્રિજના મુદ્દે PWD તથા પાલઘરના સાંસદ સાથે સતત ફોલોઅપ કરવામાં આવ્યું હતું. પરિણામે ચોમાસા પહેલાં બ્રિજ વાહનવ્યવહાર માટે કાર્યરત થયો હતો. આ ઉપરાંત ઉમરગામ રેલવે સ્ટેશનથી ઉમરગામ ટાઉન થઈ GIDC સુધી નવી બસ સેવા પણ શરૂ કરવામાં આવી હતી. ઉમરગામ રેલવે સ્ટેશન પર ફલાઈંગ રાણી ટ્રેનનું સ્ટોપેજ મળે તે માટે લાંબા સમયથી કરવામાં આવતા પ્રયાસો બાદ ૧૩ જૂન, ૨૦૨૬થી સ્ટોપેજ મળ્યું હતું. આ સુવિધાથી ઉદ્યોગોના કર્મચારીઓ, વેપારીઓ તથા સ્થાનિક લોકોને મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં અવરજવરમાં સુવિધા મળી છે.

## સરીગામમાં સેફ્ટી અવેરનેસ અને સાયબર ક્રાઈમ અંગે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
ઉમરગામ, તા.૦૧ : ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન Khate સેફ્ટી અવેરનેસ અને સાયબર ક્રાઈમ અંગે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.વલસાડ જિલ્લા એસ.પી. યુવરાજસિંહ જાડેજાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં ઉદ્યોગકારો, સામાજિક આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમ દરમિયાન પોલીસ અધિકારીઓ દ્વારા માર્ગ સલામતી, સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો તેમજ ડ્રગ્સના દુષણને અટકાવવા અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ કૌશિક પટેલ, ડીવાયએસપી બી.એન. દવે, સરીગામ પોલીસ સ્ટેશનના પીઆઈ બી.આર. બેરા, પીએસઆઈ સુવાંગ્યા સહિતના પોલીસ અધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ લોકો અને ઉદ્યોગકારોમાં સલામતી, સાયબર સુરક્ષા તથા ડ્રગ્સ વિરોધી જાગૃતિ વધારવાનો રહ્યો હતો.

# વાપીમાં સરકારી જમીન પરની દુકાનો હટાવવાની નોટિસથી દુકાનદારોમાં ફફડાટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપીના જુના રેલવે અંડરબ્રિજથી ગીતા નગર પોલીસ સ્ટેશન સુધીના માર્ગને પહોળો કરવાની કામગીરીને લઈને રોડ માર્જિન અને સરકારી જમીન પર આવેલી દુકાનોના સંચાલકોને નોટિસ આપવામાં આવતા દુકાનદારોમાં ફફડાટ ફેલાયો છે. નોટિસ બાદ કેટલાક દુકાનદારોમાં વિરોધનો સૂર પણ જોવા મળ્યો છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ, જુના રેલવે અંડરબ્રિજથી ગીતા નગર પોલીસ સ્ટેશન તરફ જતા માર્ગ પર લાંબા સમયથી ટ્રાફિકની સમસ્યા રહે છે. આ માર્ગ પર સરકારી જમીન તેમજ રોડ માર્જિનમાં ગેરકાયદે રીતે દુકાનો ઉભી કરવામાં આવી હોવાના પગલે માર્ગની પહોળાઈ ઘટી રહી છે અને ટ્રાફિક વ્યવસ્થાને અસર થઈ રહી છે.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વાપી મહાનગરપાલિકાના બાંધકામ વિભાગ દ્વારા સરકારી જમીન તથા રોડ માર્જિનમાં આવેલી દુકાનોના સંચાલકોને નોટિસ આપી દુકાનો હટાવી લેવા સૂચના આપવામાં આવી છે. નોટિસ મળતા દુકાન સંચાલકોમાં ચિંતા અને ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે.

# ધરમપુરમાં બે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં મહિલા સહિત બેના મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**ધરમપુર, તા. ૧૦ :** ધરમપુર તાલુકામાં ૩૦ સપ્ટેમ્બરના રોજ બનેલા બે અલગ-અલગ માર્ગ અકસ્માતમાં મહિલા તેમજ એક પુરુષ સહિત બેના મોત નીપજ્યા હતા.

મોટી ઢોલડુંગરી ગામના દુકાન ફળિયા નજીક કરંજવેરીથી વડપાડા તરફ જતા રોડ પર હર્ષભાઈ મુકેશભાઈ પવાર રહે. ખટાણા, પવાર ફળિયા, ધરમપુર એ ચલાવેલી નંબર વગરની એન.એસ. પલ્સર મોટરસાઈકલ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી હિતેશભાઈ રમેશભાઈ પટેલની બોક્સર મોટરસાઈકલ નં. GJ-15-K-9146ને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં હિતેશભાઈની પત્ની આશાબેન હિતેશભાઈ પટેલ ઉં.વ. ૩૫, રહે. મોટી ઢોલડુંગરી ને માથાના ભાગે ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

બીજા બનાવમાં ધરમપુરના મોહનગઢ ખાતે એચ.પી. પેટ્રોલ પંપની સામે નેશનલ હાઈવે નં. ૫૬ પર નાનાપોઢાથી ધરમપુર-આસુરા વાવ ચાર રસ્તા તરફ જતા માર્ગ પર હરિયાણાના પાલવાલ જિલ્લાના હાથીન તાલુકાના મલોખરા ગામના આરીફ મુદીનએ ચલાવેલી ટાટા ટ્રક નં. HR-73-B-5797એ ફરિયાદી પ્રભુભાઈ ઝીણાભાઈ માહલાના મોટા ભાઈ શૈલેષભાઈ ઝીણાભાઈ માહલા ઉં.વ. ૬૦, રહે. બિલપુડી, ડેરી ફળિયા ની એક્સેસ મોપેડ નં. GJ-15-EB-2826ને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતમાં શૈલેષભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

બંને બનાવ અંગે ધરમપુર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ચલા સ્વિમિંગ પૂલમાં યુવતી ડૂબવા પ્રકરણમાં તપાસ શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપીમાં મંગળવારે સાંજે મહાનગરપાલિકાના સ્વિમિંગ પૂલમાં ડૂબી જવાથી વિદ્યાર્થિનીના મોતની ઘટનામાં પોલીસે એડી નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ દમણની એક સ્કૂલમાં ભણતી વિદ્યાર્થિની એનસીસી ટ્રેનિંગ માટે સ્વિમિંગ શીખવા વાપી આવતી હતી.

સ્વિમિંગ માટે પૂલમાં પડતા તે ડૂબી ગઈ હતી અને તેનું મોત નીપજ્યું હતું.



સૂત્રોના જણાવ્યા મુજબ ઘટના સમયે સ્થળ પર કોઈ ટ્રેનર કે કોચ હાજર ન હોવાથી આ દુર્ઘટના બની હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળ્યું છે. પૂલમાં તાલીમાર્થીઓની સલામતી માટે જરૂરી સ્ટાફની ગેરહાજરી ગંભીર બેદરકારી દર્શાવે છે.

આ મામલે પોલીસ આગામી દિવસોમાં સ્વિમિંગ પૂલના કોન્ટ્રાક્ટર કે જવાબદારો સામે બેદરકારીનો ગુનો દાખલ કરી શકે તેવી શક્યતા છે.

બીજી તરફ જાણવા મળ્યું છે કે, આ ઘટનાના બીજાજ દિવસે એટલેકે ૩૦ સપ્ટેમ્બરે સ્વિમિંગ પૂલનો કોન્ટ્રાક્ટ પૂરો થઈ ગયો હતો. એટલે કોન્ટ્રાક્ટરે કોન્ટ્રાક્ટ પૂરો થવાનો હોય બેદરકારી દાખવી હોવાની ચર્ચા છે.

# વાપીમાં વધુ એક પરિણીતા પર જીવલેણ હુમલા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૦ :** વાપીના છીરી વિસ્તારમાં ફરી મહિલા સુરક્ષાને લઈ ચિંતા વધારતી ઘટના સામે આવી છે. બુધવારે રાત્રે ૧૮ વર્ષીય પરિણીતા પર તેના પતિએ કથિત રીતે ગળાના ભાગે ચાકુથી હુમલો કર્યો હતો. હુમલા બાદ આરોપી પતિ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

છરવાડામાં પત્નીની હત્યાની ઘટનાના ઠીક એક દિવસ બાદ બનેલી આ ઘટનાથી વિસ્તારમાં ખળભળાટ મચ્યો છે. ઈજાગ્રસ્ત પરિણીતાને ગંભીર હાલતમાં સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

ઘટનાની જાણ થતા જ પોલીસે તપાસ શરૂ કરી છે અને ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે. પતિ-પત્ની વચ્ચે અગાઉથી ચાલતા ઝઘડાએ હુમલાનું સ્વરૂપ લીધું હોવાની પ્રાથમિક ચર્ચા છે.

# ગણદેવી નવા પીંજરા ગામે બુલેટ ટ્રેન પાવર હાઉસમાંથી કોપર વાયર ચોરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૧ :** ગણદેવીનાં પીંજરાગામે ચાલી રહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટના સાઈટ પરિસરમાંથી અજાણ્યા તસ્કરો રૂ.૪,૯૫,૨૦૦ના કોપર વાયર ચોરી ફરાર થઈ ગયા હોવાની ઘટના સામે આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ, L&T કંપનીના પ્રોજેક્ટ EW૧ અંતર્ગત આવેલા TSS-06 પાવર હાઉસના કમ્પાઉન્ડની દીવાલ પર લગાવેલી તાર ફેન્સિંગ કાપીને અજાણ્યા તસ્કરો અંદર પ્રવેશ્યા હતા. તસ્કરો પરિસરમાંથી આશરે ૧૦૨૧ મીટર જેટલા વિવિધ પ્રકારના કોપર વાયર, જેની અંદાજિત કિંમત રૂ. ૪,૯૫,૨૦૦ થાય છે, તે ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ અંગે પ્રોજેક્ટમાં કાર્યરત વિપિનનચંદ્ર તિવારી દ્વારા ગણદેવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ગણદેવી પોલીસે ગુનો નોંધી ફિંગરપ્રિન્ટ નિષ્ણાતો તથા ડોગ સ્કવોડની મદદ મેળવી વધુ તપાસ હાથ ધરી છે. ગણદેવી પોલીસ નાં હેડ કોન્સ્ટેબલ જયેશ બાબુભાઈ કરી રહ્યા છે.







"દારૂ માણસને પોતાનું ભાન ભુલાવી દે છે અને જ્યાં સુધી તેની અસર રહે છે, ત્યાં સુધી તે કોઈ પણ ઉપયોગી કામ કરવા માટે તદ્દન અસમર્થ બની જાય છે. જેઓ દારૂ પીવે છે તેઓ પોતાને બરબાદ કરે છે અને પોતાના પરિવારને પણ પાયમાલ કરે છે.

-મહાત્મા ગાંધી

## નિયામક, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય

તા. ૦૨-૧૦-૨૦૨૬ થી તા. ૦૮-૧૦-૨૦૨૬ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

### સંદેશો

મહાત્મા ગાંધીજીના આદર્શોથી પ્રેરિત નશાબંધીની નીતિ ગુજરાત રાજ્યની સામાજિક અને નૈતિક પરંપરાનું પ્રતિબિંબ છે. આ માત્ર કાયદાકીય વ્યવસ્થા નથી, પરંતુ નાગરિકોના સુખ-સમૃદ્ધિ, આરોગ્યનું રક્ષણ અને સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટેની નૈતિક પ્રતિબદ્ધતા છે.

**૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ઉજવવામાં આવનાર નશાબંધી સપ્તાહ ગાંધીજીના મૂલ્યોને યાદ કરવાની વધુ એક સુંદર તક છે.** આ અભિયાનને સફળ બનાવવા માટે નાગરિકોની સહભાગિતા અને જનજાગૃતિ અત્યંત આવશ્યક છે.

આ અવસરે **હું ગુજરાત સરકાર અને રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.** આ અભિયાનથી સમાજમાં વધુ સ્વસ્થ, સુમેળસભર અને મૂલ્ય આધારિત જીવન માટે સૌને પ્રેરણા મળે તેવી મારી શુભકામનાઓ.

**આચાર્ય દેવવ્રતજી**
**રાજ્યપાલ, ગુજરાત રાજ્ય**

**નશામુક્ત સમાજનું નિર્માણ સ્વસ્થ, સુખી અને સમૃદ્ધ રાષ્ટ્રના પાયામાં મહત્ત્વપૂર્ણ** યોગદાન આપે છે. વ્યક્તિના સ્વાસ્થ્ય, પરિવારના સુખ-શાંતિ અને સમાજની પ્રગતિ માટે વ્યસન ગંભીર રીતે પડકારરૂપ બને છે. ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. પૂરતી ઇચ્છાશક્તિના અભાવને કારણે વ્યસન પર નિયંત્રણ લાવવું કઠિન બને છે. વ્યસનનો અતિરેક વ્યક્તિના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડી શકે છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. **નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.** તેથી વ્યસનમુક્તિ અંગે જાગૃતિ ફેલાવવી અને યુવા પેઢીને નશાના દુષ્પરિણામોથી માહિતગાર કરવી એ સમયની આવશ્યકતા છે.

ગુજરાતની સ્થાપનાથી રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે. ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. **નશાબંધી અને આબકારી ખાતા દ્વારા મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ થી ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે, તેનું આયોજન અભિનંદનીય છે.** ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળવત્તર બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ એટલે કે **૦૨ ઓક્ટોબરથી ૦૮ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યમાં ઉજવાઈ રહેલા "નશાબંધી સપ્તાહ" નિમિત્તે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.**

વિકસિત ગુજરાતના નિર્માણમાં વ્યસનમુક્તિ એ સૌથી મહત્વનો પાયો છે. નશો માત્ર સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને આર્થિક તથા સામાજિક રીતે બરબાદ કરે છે. રાજ્યની યુવાશક્તિ ખોટા માર્ગે ન ફંટાય અને વ્યસનમુક્ત રહી પોતાની ઊર્જા રાષ્ટ્રના વિકાસમાં લગાવે તે અત્યંત જરૂરી છે. ગુજરાત સરકારે નશાબંધીના કાયદાનો હંમેશા કડક અમલ કર્યો છે, પરંતુ આ લડતને જનઆંદોલન બનાવવી એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.

આવો, આ **'નશાબંધી સપ્તાહ'** નિમિત્તે આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે આપણે પોતે વ્યસનોથી દૂર રહીશું અને અન્ય લોકોને પણ નશામુક્ત અને સ્વસ્થ જીવન જીવવા પ્રેરિત કરીશું.

ચાલો, ગાંધીજીના આદર્શોને સાર્થક કરી ગુજરાતને વધુ સમૃદ્ધ, સ્વસ્થ અને ઉજ્જવળ બનાવીએ.

**"વ્યસન મુક્ત ગુજરાત, સમૃદ્ધ ગુજરાત."**
જય જય ગરવી ગુજરાત!

**હર્ષ સંઘવી**
**નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મદિન ૨ જી ઓક્ટોબરથી શરૂ થતા **'નશાબંધી સપ્તાહ' (તા.૦૨/૧૦/૨૦૨૬ થી તા.૦૮/૧૦/૨૦૨૬) ની ઉજવણી પ્રસંગે સમગ્ર રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામના.**

**આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે દેશનું યુવાધન વ્યસનમુક્ત અને સશક્ત બને તે અત્યંત જરૂરી છે.** માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ દેશમાં નશાની પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવીને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાહેબના સબળ નેતૃત્વ હેઠળ નશાબંધી અને આબકારી ખાતું રાજ્યમાંથી નશાના દૂષણને નાબૂદ કરવા તથા યુવા પેઢીને વ્યસનમુક્ત બનાવવા માટે નિરંતર સરાહનીય પ્રયાસો કરી રહ્યું છે.**

વ્યસન એ માત્ર એક વ્યક્તિનું જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજનું પતન નોતરે છે. નશાબંધી અને આબકારી ખાતા દ્વારા આયોજિત આ **'નશાબંધી સપ્તાહ'** દરમિયાન યોજાનાર વિવિધ જાગૃતિ કાર્યક્રમો દ્વારા રાજ્યના નાગરિકો અને વિશેષ કરીને યુવાનો વ્યસનના દૂષણથી દૂર રહેવા પ્રેરણારૂપ બનશે.

આપણે સૌ સામૂહિક સંકલ્પ લઈએ અને **'વ્યસનમુક્ત, સુરક્ષિત અને સમૃદ્ધ ગુજરાત'ના** નિર્માણમાં આપણું યોગદાન આપીએ.

**'નશાબંધી સપ્તાહ'** ની ઉજવણીના તમામ આયોજનો સફળ રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ!

**કમલેશ પટેલ**
**રાજ્યકક્ષાના મંત્રી, ગુજરાત રાજ્ય**

# અન્ય સમાચારો

## રાજ્યના મુખ્ય માહિતી કમિશ્નર તરીકે સુબ્રમણ્યમ આર. અય્યરે શપથ ગ્રહણ કર્યા







### રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ નિષ્ઠા અને પદના શપથ લેવડાવ્યા

**અમારા પ્રતિનિધિ તરફથી,**
**અમદાવાદ,તા.૧** : ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે યોજાયેલા શપથ ગ્રહણ સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ સુબ્રમણ્યમ આર. અય્યરને ગુજરાત રાજ્યના મુખ્ય માહિતી કમિશ્નર તરીકે નિષ્ઠા અને પદના શપથ લેવડાવ્યા હતા.આ સમારોહમાં મુખ્ય સચિવ મનોજ કુમાર દાસ, અગ્ર સચિવ હરીત શુક્લા, માનનીય રાજ્યપાલના સચિવ મેહુલ કે. દવે સહિતના વરિષ્ઠ અધિકારીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.સુબ્રમણ્યમ આર. અય્યર અગાઉ રાજ્યના માહિતી કમિ'ર તરીકે સેવા આપી ચૂક્યા છે. આ ઉપરાંત તેઓ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના સભ્ય, ભારતીય રેલવેની રાષ્ટ્રીય રેલવે ઉપયોગકર્તા સલાહકાર પરિષદના સભ્ય, પશ્ચિમ રેલવેની ઝોનલ રેલવે વપરાશકર્તા સલાહકાર સમિતિના સભ્ય તેમજ ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડના ડાયરેક્ટર તરીકે વિવિધ મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી ચુક્યા છે.આ શપથ વિધિ સંપન્ન થયા બાદ રાજ્યપાલ તેમજ ઉપસ્થિત અધિકારીઓએ સુબ્રમણ્યમ આર. અય્યરને નવી જવાબદારી માટે હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

## રાજ્યમાં ખાદી- પોલિવસ્ત્રના ઉત્પાદન પર ૩૦ ટકા બજાર પ્રોત્સાહન સહાયની જાહેરાત

અમારા પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૧ : ગુજરાત સરકાર દ્વારા ગાંધી જયંતી નિમિત્તે લેવાયેલા નિર્ણય મુજબ ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ દ્વારા ૨જી, ઓક્ટોબર થી ૩૧મી, ડિસેમ્બર, ૨૦૨૬ સુધી ખાદી અને પોલિવસ્ત્રની માન્ય સંસ્થાઓ-મંડળીઓ દ્વારા ઉત્પાદિત ખાદી અને પોલિવસ્ત્રની ઉત્પાદનની કિંમત પર ૩૦ ટકા ખાસ બજાર પ્રોત્સાહન સહાય આપવામાં આવશે. જેનો સીધો લાભ ગ્રાહકોને ખાદી વેચાણ કેન્દ્રો મારફત ખરીદી પર મળનારા વળતર સ્વરૂપે થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિશેષ પહેલ ખાદી ફોર નેશન અને ખાદી ફોર ફેશન, વોકલ ફોર લોકલ તેમજ હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીની થીમને વેગ આપવા માટે રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે.

આ નિર્ણયના પરિણામે આગામી ધાર્મિક તહેવારો, જાહેર તેમજ સામાજિક પ્રસંગોમાં નાગરિકો સ્વદેશી ખાદી તરફ વધુ આકર્ષાશે અને તેના વેચાણમાં નોંધપાત્ર વધારો થશે. રાજ્યમાં ખાદીનું વેચાણ વધવાથી ગુજરાતની KVICનું પ્રમાણપત્ર ધરાવતી અને ખાદી બોર્ડના ઈ-કુટીર પોર્ટલ પર નોંધણી થયેલ અંદાજિત ૨૨૦ થી વધુ માન્ય ખાદી સંસ્થા-મંડળીઓના ખાદી અને પોલિવસ્ત્રના ઉત્પાદનની કામગીરી સાથે સંકળાયેલ અંદાજે ૧૬ હજારથી વધુ કાંતનાર અને વણનાર કારીગરોને સતત રોજગારી મળતી રહેશે. આ સહાય યોજના અંતર્ગત ઉત્પાદિત આસન, શેતરંજી, રેશમ પટોળા, ઊની સ્વેટર, જર્સી, શાલ અને ખાદીના વિવિધ રેડિમેઇડ ગારમેન્ટ્સ જેવાં ઉત્પાદનોની બહોળા પ્રમાણમાં ખરીદી થવાથી સ્થાનિક ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી મળશે. આ ઉપરાંત, ખાદીના વેચાણને વ્યાપક પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ શહેરોમાં ખાસ પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓનું દર વર્ષે આયોજન પણ કરવામાં આવે છે. ચાલુ વર્ષે ગાંધી જયંતી નિમિત્તે ૨ થી ૭ ઓક્ટોબર દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે, ૧ થી ૧૦ ઓક્ટોબર દરમિયાન ભરૂચ ખાતે અને ૧૧ થી ૧૭ ઓક્ટોબર દરમિયાન વડોદરા ખાતે ખાદી પ્રદર્શન-સહ-વેચાણ મેળાઓ યોજાશે. રાજ્ય સરકાર દ્વારા તમામ નાગરિકોને આ મેળાઓની મુલાકાત લઈ સ્વદેશી ખાદી વસ્ત્રોની ખરીદી કરીને સ્થાનિક કારીગરોને પ્રોત્સાહિત કરવા અપીલ કરવામાં આવી છે.

## સ્મિત મચ્છારની બહાદુરી : ગુજરાત સરકાર 'ગુજરાત ગરિમા એવોર્ડ' આપશે

અમારા પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૧: ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા પર જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, લોહીલુહાણ સ્થિતિમાં પણ મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપીને દેશનું નામ રોશન કરનાર કેપ્ટન સ્મિત મચ્છરને ગુજરાત સરકાર દ્વારા 'વિશિષ્ટ ગુજરાત ગરિમા એવોર્ડ' આપી સન્માનિત કરવામાં આવશે. મુખ્યમંત્રીએ તેમના ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરી છે. દુબઈથી ઈઝરાયેલના તેલ અવીવ જઈ રહેલી ફલાયદુબઈની ફલાઈટ (જક્ષ્૧૦૭૩)માં કો-પાઈલટે વિમાન હાઈજેક કરવાનો પ્રયાસ કરતા સનસનીખેજ ઘટના સામે આવી છે. ફલાઈટે ઉડાન ભર્યાના અડધા કલાકમાં જ કોકપિટમાં ઓમાનના રહેવાસી કો-પાઈલટે ચાકુ વડે મુખ્ય કેપ્ટન પર અચાનક હુમલો કરી દીધો હતો. હુમલાખોર પાઈલટ ૯/૧૧ જેવી ઘટનાને અંજામ આપીને વિમાન ક્રેશ કરવા માગતો હતો. જોકે, ઈજાગ્રસ્ત સ્થિતિમાં પણ અદમ્ય સાહસ દર્શાવ્યું હતું અને હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત અને લોહીલુહાણ થવા છતાં મૂળ ગુજરાતના કેપ્ટન સ્મિત મચ્છરે હિંમત હાર્યા વગર હુમલાખોરનો સામનો કર્યો હતો. તેમણે સમયસૂચકતા વાપરીને કોકપિટનો દરવાજો ખોલી નાખ્યો હતો. જેથી ક્રૂ મેમ્બર્સ અને મુસાફરોની મદદથી હુમલાખોરને કાબૂમાં લઈ શકાયો હતો. ૧૭૪થી વધુ મુસાફરો ધરાવતી આ ફલાઈટે તાત્કાલિક સાઉદી અરેબિયામાં ઈમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. જ્યાં સાઉદી ઓથોરિટી દ્વારા આરોપી કો-પાઈલટની ધરપકડ કરવામાં આવી છે.

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આ ઘટનાને આતંકી કૃત્ય ગણાવતા કેપ્ટન સ્મિત મચ્છરના સાહસના વખાણ કર્યા હતા. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કેપ્ટન સ્મિતના પરિવાર સાથે વાતચીત કરીને તેમની અસાધારણ બહાદુરીને બિરદાવી હતી.

### ૨૦૦૮ અમદાવાદ સીરિયલ બ્લાસ્ટ કેસઃ

## દોષિત અહેમદ બાવાની ફાંસીની સજા પર સુપ્રીમ કોર્ટનો સ્ટે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧ : સુપ્રીમ કોર્ટે ૨૦૦૮ના અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં ફાંસીની સજા પામેલા દોષિત અહેમદ બાવા અબુ અબુબકર બરેલવી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના સંદર્ભમાં નોટિસ ઈસ્યું કરી છે. આ અરજીમાં ગુજરાત હાઈકોર્ટના તે નિર્ણયને પડકારવામાં આવ્યો છે, જેમાં તેને દોષિત ઠેરવવાતી સજા અને ફાંસીની સજાને યથાવત રાખવામાં આવી હતી. જસ્ટિસ વિક્રમનાથની અધ્યક્ષતાવાળી બેન્ચ સમક્ષ હાજર રહેલા વકીલે દલીલ કરી હતી કે, દોષિત ઠેરવવાનો નિર્ણય સંપૂર્ણપણે કાવતરાના આરોપ પર આધારિત હતો. ગુજરાત હાઈકોર્ટના ચુકાદાના અનુવાદની માંગ કરતી અરજી પણ રજૂ કરવામાં આવી હતી.

ટ્રાયલ કોર્ટના દસ્તાવેજો સ્થાનિક ભાષામાં છે. જસ્ટિસ નાથે ટિપ્પણી કરી, "ઠીક છે, સજાના અમલ પર રોક લગાવવામાં આવશે. હાલ પૂરતી નોટિસ ઈસ્યુ કરો." ગુરુવારની સુનાવણી દરમિયાન, બરેલવીના વકીલે ગુજરાત હાઈકોર્ટના ચુકાદાની અનુવાદિત નકલની પણ માંગણી કરી હતી, કારણ કે ટ્રાયલ કોર્ટના રેકોર્ડ્સ ગુજરાતીમાં હતા.

અમદાવાદમાં સિરિયલ બ્લાસ્ટ ૨૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ થયા હતા, જેમાં શહેરના વિવિધ ભાગોમાં અનેક વિસ્ફોટો થયા હતા. આ વિસ્ફોટોમાં ૫૬ લોકોના મોત થયા હતા અને ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. ફેબ્રુઆરી ૨૦૨૨માં, ગુજરાતની એક વિશેષ અદાલતે આ કેસમાં ૪૯ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. કોર્ટે તેમાંથી ૩૮ લોકોને ફાંસીની અને ૧૧ લોકોને આજીવન કેદની સજા સંભળાવી હતી.

## ઓક્ટોબર-નવેમ્બર દરમિયાન ૪ ખાસ રવિવારે મતદાન મથકો પર વિશેષ કેમ્પ યોજાશે

### ૧૮-૧૯ વર્ષના નવા-પ્રથમ વખતના પાત્ર યુવા મતદારો અને બાકી રહી ગયેલા નાગરિકોને મતદાર યાદીમાં નામ નોંધાવવાની તક

અમારા પ્રતિનિધિ તરફથી,
અમદાવાદ,તા.૧: ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર, જે રાજ્યોમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે, ત્યાં સતત સુધારણા પ્રક્રિયા અંતર્ગત મતદાર યાદીમાં નોંધણીથી બાકી રહી ગયેલા તેમજ ૧૮-૧૯ વર્ષના નવા પાત્ર યુવા મતદારો માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સંદર્ભે ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી સંદીપ સાગળે દ્વારા રાજ્યના તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને કલેક્ટરોને વિસ્તૃત માર્ગદર્શિકા સાથે આયોજન કરવા સૂચનાઓ આપવામાં આવી છે.

જે મુજબ, શિક્ષણ સંસ્થાઓમાં જાગૃતિ અને SVEEP પ્રવૃત્તિઓ હેઠળ આ ખાસ ઝુંબેશ પ્રમાણે તમામ મતદાર નોંધણી અધિકારીઓ અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા વિવિધ કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓમાં SVEEP -પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. વિવિધ સ્થળોએ બેનરો અને સ્થાનિક સમાચારપત્રો દ્વારા વ્યાપક જાગૃતિ ફેલાવવામાં આવશે.

આ વિશેષ ઝુંબેશના દિવસોમાં નાગરિકોની સુવિધા માટે ૪ રવિવારો દરમિયાન તમામ મતદાન મથકો પર વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જેમાં ઓક્ટોબરની ૧૧મી તારીખ, ૧૮મી, ૨૫મી અને નવેમ્બરની ૧લી તારીખે આવતા રવિવારે સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યાં સુધી ડેઝીગ્નેટેડ ઓફિસર અને બૂથ લેવલ ઓફિસર મતદાન મથકો પર ઉપસ્થિત રહીને હક્ક-દાવા અને વાંધા અરજીઓ (ફોર્મ્સ) સ્વીકારશે.

અરજી ફોર્મ્સ અંગે સ્પષ્ટતા એવી સ્પષ્ટતા કરાઈ છે કે, હાલનો સમયગાળો Non-SIR હોવાથી મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦ હેઠળ માત્ર ફોર્મ-૬ ભરીને કોઈપણ પાત્રતા ધરાવતી વ્યક્તિ મતદારયાદીમાં પોતાનું નામ સામેલ કરાવી શકશે. આ ખાસ ઝુંબેશના દિવસોમાં કામગીરી સુચારુ રૂપે થાય તે માટે સુપરવાઈઝરો દ્વારા મતદાન મથકોની સતત મુલાકાત લેવામાં આવશે.

## NSEને કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ ફ્યુચર્સ માટે SEBIની મંજૂરી

મુંબઈ, તા.૦૧ : ઓક્ટોબર ૨૦૨૬ - નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ને કોર્પોરેટ બોન્ડ ઈન્ડેક્સ ફ્યુચર્સ શરૂ કરવા માટે SEBI તરફથી NOC મળ્યું છે.

આ નવી પ્રોડક્ટથી રોકાણકારોને કોર્પોરેટ બોન્ડ માર્કેટના જોખમથી બચવા માટે હેજિંગનું સાધન મળશે, પ્રાઇસ ડિસ્કવરી સારી થશે અને માર્કેટ મેકિંગને ટેકો મળશે.

હવે RBI ની અંતિમ મંજૂરી બાકી છે. NSE ના શ્રીરામ કૃષ્ણને જણાવ્યું કે આ ભારતના બોન્ડ માર્કેટ માટે મહત્વનું પગલું છે.

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Construction of RCC Retaining Wall & Compound Wall for Protection and Safety of Chikhaldapada School Premises Against Soil Erosion and Slope Failue At Chikhaldapada School**

| | |
|---|---|
| Tender No. | 18 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8279_1 |
| On line downloading start of tender documents | 26/09/2026 09:00 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 06/10/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 06/10/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 06/10/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan
dnhtenders.gov.in
eeirridnh@gmail.com
0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/584 Dt.26/09/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/546 DATED : 01/10/2026**

**UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**PWD CIVIL DIVISION NO.III (DP)**
**NOTICE INVITING TENDER**
**Construction of RCC Retaining Wall & Compound Wall for Protection and Safety of Chikhaldapada School Premises Against Soil Erosion and Slope Failue At Chikhaldapada School**

| | |
|---|---|
| Tender No. | 18 OF 2026-2027 |
| Tender ID No. | 2026_UTDNH_8278_1 |
| On line downloading start of tender documents | 26/09/2026 09:00 Hrs |
| Last date & Time for Receipt of Bid/Upload Bid | 06/10/2026 14.30 Hrs. |
| Online Opening of Technical Bid | 06/10/2026 16.00 Hrs. |
| Online Opening of Price Bid | 06/10/2026 16.30 Hrs. (If Possible) |
| Any Other Details - | |

For details please scan
dnhtenders.gov.in
eeirridnh@gmail.com
0260-2642949

**EXECUTIVE ENGINEER, PWD CIVIL DIV NO.III (DP), DNH, SILVASSA**
**No.5-2(1)/DNH/DP/2026/584 Dt.26/09/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/545 DATED : 01/10/2026**

**કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

| | |
|---|---|
| | જાહેર બાંધકામ વિભાગ - દમણ |
| | ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના |
| | નાની દમણની ભીમપોર ગ્રામ પંચાયત હેઠળની સરકારી પ્રાથમિક શાળા, ભીમપોર ખાતે ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળ પર નવા શૌચાલય બ્લોકનું નિર્માણ તથા પ્રથમ માળના અંદરના ભાગે રંગકામની કામગીરી. |
| | ટેન્ડર આઇડી નં.:2026_DAMAN_4986_1 |
| For details please scan | ડાઉનલોડની છેલ્લી તારીખ :08/10/2026 |
| | હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ :08/10/2026 |
| https://ddtenders.gov.in | બિડ ખોલવાની તારીખ :08/10/2026 |

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.–જીલ્લા પંચાયત, મોટી દમણ

**NO.: IP/DMN/2/5/2026-27/543 DATED : 01/10/2026**

**મહે. વાપીના એડીશનલ સીવીલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, વાપી**

અરજદારના વિ.વ.શ્રી.એન.એમ. શાહ
ફો.પ.અ.નં.૭૩૯/૨૦૨૬

**અરજદાર : પ્રજાપતિ ઉજેશભાઈ કિકુભાઈ**
**રહે.** કુંભાર વાડ, કોપરલી, વાપી, વલસાડ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**કોપરલી ગ્રામ પંચાયત કચેરી, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) મુજબ જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાં પક્ષકારોને જણાવવામાં આવે છે કે આ કામનાં અરજદારે અત્રેની કોર્ટમાં દાખલ કરેલ ફો.પ.અ.નં.૭૩૯/૨૦૨૬માં જણાવ્યા મુજબ અરજદારના માતાના **નામે રમિલાબેન કિકુભાઈ પ્રજાપતિ** તા.૦૨/૧૦/૨૦૧૬ના રોજ મોજે. કુંભારવાડ, કોપરલી તા.વાપી, જી.વલસાડ મુકામે અવસાન થયેલ છે. જે તે સમયે તેમની મરણની નોંધણી સરકારી કે અર્ધસરકારી દફતરે શરતચૂકથી તેમજ કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવેલ ન હતી. જેથી અરજદારના માતાની મરણની નોંધ ૧૯૬૯નાં નોંધણી ધારા અન્વયે જન્મ-મરણની નોંધણી ફરજીયાત હોઈ તથા સરકારી કામ માટે મરણના દાખલાની જરૂર હોઈ અરજદારના માતાનો મરણનો દાખલો મેળવવા માંગતા હોઈ તે અંગે કોઈને વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં અત્રેની કોર્ટમાં આવી લેખિતમાં વાંધાઓ રજુ કરવા. જો તેમ કરવામાં કસુર થશે તો તે બદલ નામદાર કોર્ટથી યોગ્ય ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની નોંધ તમામ લાગતાં વળગતાં વ્યક્તિઓએ નોંધ લેવી.

આજ તા.૨૯મી માહે સપ્ટેમ્બર સને-૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર અને હુકમથી |
|---|---|---|
| સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| (એમ.બી. મણવર) | | (પી.પી. વૈષ્ણવ) |
| આસીસ્ટન્ટ | | સુપ્રિન્ટેન્ડન્ટ |

## જન્મદિવસની શુભકામના





**રાધે મિસ્ત્રી** **રૂદ્ર મિસ્ત્રી**

જન્મ તા. ૦૨/૧૦/૨૦૨૫
માતાનું નામ : અમી, પિતાનું નામ : સાગર
સરનામું : મણીબાગ, વલસાડ

**CHANGE OF NAME**

I have changed Old Name FROM **GUPTA KHUSHBOO SHIVSHANKAR** TO New Name **KHUSHBOO SHIVSHANKAR GUPTA** & I WILL BE KNOWN AS NEW NAME WHICH PLEASE NOTE.
**SD : KHUSHBOO SHIVSHANKAR GUPTA**
ADDRESS : - 244-A, Anand Nagar, Gandhiwadi, Umbergaon, Po.: Umargam, Dist. Valsad, Gujarat - 396170

**No.MAM/KNVL/RBD-DNH/138/2026/1194 Dated: 26/09/2026**

**APPLICANT - SHRI SADU SAVJI PARDHI**
**R/o. Fatherpada, Sindoni**
**Mob.: 7359567844/7203041501**
**V/S**
**OPPONENTS - Registrar of Birth & Death, Sindoni.**

**PUBLIC NOTICE**

The public to take note that applicant Shri Sadu Savji Pardhi, R/o. Fatherpada, Sindoni, DNH has submitted an application dated 05/02/2026, 14/07/2026 & 19/08/2026 seeking registration of date of death of his grandfather namely Kam Mahdu Pardhi, S/o. Yemni Mahdu Pardhi, who died on 03/11/2006 at Fadarpada, Sindoni, DNH, as the above said Death was inadvertently not registered in the records of Registrar of Births and Deaths, Sindoni.

Therefore, the applicant has requested to issue an order to register the death of Kam Mahdu Pardhi, S/o. Yemni Mahdu Pardhi.

Any person having an objection or complaint in respect of this application shall submit a written objection to the Office of the Executive Magistrate, Khanvel within 30 days from the date of publication of this notice. If no objection/complaint is received, the Executive Magistrate, Khanvel will pass necessary order accordingly.

This notice is issued with prior approval of Executive Magistrate, Khanvel.

**Sd/-**
**Circle Inspector (K)**
**DNH, Khanvel.**

ટેરેસ ગળે છે ??
વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર
એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર
અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

ડિસ્કાઉન્ટ ધમાકા
તાં. 1-8-26.થિ. ચાલુ
ફેન્સી વેરાયટીનો અખુટ ખજાનો
પાર્ટી શુઝ લોફર શુઝ સ્પોર્ટ શુઝ
MAYUR FOOTWEAR
5% ડીસ્કાઉન્ટ પેરાગોન, VKC, ફ્લાયપર, ઈબ્લુ ચપલ,સેન્ડલ
કેમ્પસ, લખાની, સ્પાર્ક, 10% ડીસ્કાઉન્ટ ફક્ત શુઝ પર
Paragon Bata Lakhani campus
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ. મો. 9824254361




દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ
શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-
The Complete Man Raymond, dinesh, Siyarams, DONEAR, DIGJAM, NIRVAN SHIRTINGS, ICON ashima, Kriplon
LORDS MEN'S WEAR
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**


सत्यमेव जयते
ગુજરાત સરકાર
स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर
સ્વદેશી વ્રત
આ યુગનું મહાવ્રત છે
- મહાત્મા ગાંધી
મહાત્મા ગાંધીજીને જન્મ જયંતી
નિમિત્તે શત્ શત્ નમન
૨ ઑક્ટૉબર
ગાંધી જયંતી
"ભારતના લોકોની મહેનત અને કૌશલ્યથી બનેલી
'મેઇડ ઇન ઇન્ડિયા' વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ કરીએ"
- નરેન્દ્રભાઇ મોદી, વડાપ્રધાન
પૂજ્ય મહાત્મા ગાંધીજીની
જન્મ જયંતીના અવસરે
સર્વધર્મ પ્રાર્થના સભા
: ગરિમામયી ઉપસ્થિતિ :
શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત
તારીખઃ ૨ ઑક્ટૉબર, ૨૦૨૬, શુક્રવાર
સમયઃ સવારે ૮-૦૦ વાગે
સ્થળઃ મહાત્મા ગાંધી જન્મ સ્થળ, કીર્તિમંદિર, પોરબંદર
સ્વચ્છતા
અને
સ્વદેશી
અપનાવીએ
સ્વચ્છતા અને સ્વદેશીનો સંકલ્પ એ માત્ર પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ જ નથી, પરંતુ 'આત્મનિર્ભર ગુજરાત'
અને 'વિકસિત ભારત' ના નિર્માણનો સૌથી મજબૂત પાયો છે. - હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત